જૈન બાળ ગરબાવળી અને રેંટીઆ કબાલી (ગજલ) સંગ્રહ.



અ-સૌ-સુલક્ષણા બાઈ શિવજી દેવસિંહ.

મઢડા (શીહોર)

Krishna Press Bombay

પાલીતાણા (મઢડા) નજીક આવેલા શિવસદનવાસી અ.-સૌ. સુલક્ષણાબાઇ શિવજી દેવસિંહનો સ્વલ્પપરિચય.

શિવસદનની સેવિકા.

(એક શબ્દ ચિત્ર)

સિદ્ધ ક્ષેત્રના પુણ્ય પંથમાં, સિંહ નગરની સમીપે;
સૌરાષ્ટ્રને સ્હામે તીર, શ્રીમતી સુલક્ષણાનો,
પુણ્ય વાસ આવેલો છે. વ્હાલાંઓનાં વિસામા સરખી,
સ્નેહ અને સૌજન્યની, મૂર્તિ સમી,
સોનું અને સૂગન્ધનો, યોગ જમાવતી—
શંકરની ઉમા સરખી, શુભ્ર વસ્ત્ર ધારી,
શિવ સદનની સેવિકા, આશ્રમની માતુશ્રી.
ભગવતી કસ્તુરબાનું, સ્મરણ કરાવતી.
સિદ્ધાચલની સૌન્દર્ય, વિભૂતી દાખવતી.
એ બ્હેનના પંચવટી સમાં, રમ્ય અને રમણીય આંગણે.
આંબલિયાને છાંયડે, જમરૂખ દ્રાક્ષ અને
દાડમડીને કુંજે, સૌજન્ય, સ્નેહ અને
સૌરભની રસ ત્રિપુટી સમાં એ બ્હેને—
સદનમાં યોગ રચ્યા છે. સુશીલ સમા બન્ધુની ાની;
બાપુજી લાલન સાહેબ સમાં, ગુરૂજીની શિષ્યા છે.
સુધાકર અને સુમતિ સમાં, સંતાનની એ માતા છે.
અને શિવ સમા સ્નેહ વત્સલ, સ્વામીની સહચરી છે.

ॐ

શ્રી જૈન બાળ ગરબાવળી.

અને

સુદર્શનચક્ર કબાલી સંગ્રહ.

પ્રકાશક મેસર્સ. મેઘજી હીરજી બુકસેલર.
પબ્લીશર્સ એન્ડ કાર્ડ કંકોત્રી મરચન્ટ.
પાયધુની—મુંબઈ.

વીર સં. ૨૪૪૭. વિ. સં. ૧૯૭૭.
દ્વિતીય આવૃત્તિ ૨૦૦૦. ભાદરવા સુદ ૧.

ક્રિમત ચાર આના.

શ્રી આદર્શ પ્રિન્ટીંગ પ્રેસમાં શા. વાડીલાલ ડાહ્યાભાઇએ
છાપ્યું. પાંચકુવા, નવા દરવાજા—અમદાવાદ.

નિવેદન.

ગીતો ગાવાનો શોખ નિર્દોષ બાળાઓમાં કુદરતી રીતેજ કાંઇ અધિક પ્રમાણમાં હોય છે, એમ અનેકોને અનુભવથી જણાયું હશે, "ગરબી" એ ગુજરાતનું ખાસ ગીત છે. ગુજરાતી ભાષા બોલનારી અને વાંચનારી પ્રજા ગરબાઓ તરફ કંઇક મમતાના ભાવથી નીહાળે છે. ગરબી અને ગરબાઓનો પ્રચાર ગુજરાત-કચ્છ-કાઠીયાવાડ સિવાય દેશના બીજા કોઇ ભાગમાં હોય એમ જણાતું નથી. તેને બદલે જુદીજ ઢબ અને બાં-ધણીવાળા બીજા ગીતો પ્રચારમાં હોય તે બનવા જોગ છે.

એક કુદરતી શોખ કિંવા એક સ્વભાવિક વલણને ઉન્નત માર્ગે દોરી જવી એ શિક્ષકો અને ગુરૂઓનું મુખ્ય કર્તવ્ય છે. આપણે આપણા બાળકોના હાથમાં જો સુંદર-ઉપયોગી શિક્ષાપ્રદ વસ્તુઓ આપી તેમની બુદ્ધિ તેમજ નીતિ જો કેળવવાનું લક્ષ ન રાખીએ તો પછી તેઓ ધુળ અને પથરાઓ ચુંથવામાંજ બીજા સમયનો દુરૂપયોગ કરે એ સહેજે સમજી શકાય તેમ છે. તેવીજ રીતે જો આપણે આપણી ગીત પ્રિય બ્હેનો અને બાળાઓને નૈતિક અને ધાર્મિક ભાવથી ઉભરાતાં

ગીતો અને ગરબાઓ પુરાં પાડવાનું લક્ષ ન રાખીએ તો પછી તેઓ ફટાણા અને શૃંગારિક ગીતો ગાવાને લલચાઇ જાય એમાં કાંઇ નવાઇ નથી. પ્રારંભમાં અજાણતાં, કેવળ બાળબુદ્ધિએ જે ગીતો કંઠસ્થ થઇ ગયા હોય છે, તેજ ગીતો વખત જતાં તેમની નીતિ ઉપર બુરી અસર કરનારા થઇ પડે છે અને પછી લોકો કેળવણીનો દોષ કહાડે છે. ત્યારે ન છુટકે મુંગે મ્હોડે બધું સાંભળી રહેવું પડે છે. મતલબ એ છે કે પહેલેથી જ આપણે એવો પ્રયત્ન કરવો જોઇએ કે જેથી બાળાઓ અને ભવિષ્યની માતાઓનું નીતિબળ તથા ચારિત્ર બળ સંપૂર્ણ પ્રકારે ખીલી શકે.

આ પુસ્તકમાં જે ગરબીઓ આપવામાં આવી છે તેમાં નીતિ–ધર્મ અને ચારિત્રના મૂળતત્વો ઉપર ખાસ લક્ષ રાખવામાં આવ્યું છે.માત–પિતા અને ગુરૂ વિગેરેના ઉત્તેજનથી કચ્છ ગુજરાત કાઠીયાવાડની જૈનશાળાઓમાં આ ગરબીઓનો પ્રચાર વધતો જાય છે, એ સંતોષકારક છે. જેમ જેમ આવી ગીતાવલીને આપણા જૈનબંધુઓ વિશેષ વિશેષ આદર આપશે, તેમ તેમ કન્યા કેળવણીની ઉન્નતિ થવાની સાથે મિથ્યાત્વના સંસ્કારો પણ દૂર થયા વિના રહેશે નહીં. આ ગ્રંથની પ્રથમાવૃત્તિ જૈનધર્મવિદ્યા પ્રસારક વર્ગ, પાલીતાણા તરફથી

બ્હાર પાડવામાં આવી હતી. એ આવૃત્તિ ખલાસ થઇ જવાથી આ બીજી આવૃત્તિ બ્હાર પાડવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. તે બદલ વર્ગના વ્યવસ્થાપકોનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનવાનો પ્રસંગ અમે જતો કરી શકતા નથી.

પ્રથમાવૃત્તિ પ્રકટ થયા પછી કેટલાક વર્ષો નીકળી ગયા છે, આપણા જૈન બંધુઓ ઉચ્ચ કેળવણી–ધાર્મિક કેળવણીની વાતો કરવામાં કેટલા શૂરા અને વ્યવહારિક બાબતોને ઉત્તેજન આપવામાં કેટલા પાછળ છે તેનો આ ઉપરથી ખ્યાલ આવી શકશે. આપણે આપણાં બાળકો અને બાળિકાઓના મનમાં પવિત્ર–ઉચ્ચ નૈતિક સંસ્કારો દાખલ કરવામાં જોઇએ તેટલા ઉદ્યોગી અને ઉદાર થઇ શક્યા નથી એ ખરેખર ખેદનો વિષય છે–ખરૂં જોતાં તો આવી નજીવા મૂલ્યની ગરબાવળીઓ જોત–જોતામાં જ ખપી જવી જોઇએ, અને તેવી ઉપરા ઉપરી આવૃત્તિઓ અલબત્ત સુધારા વધારાવાળી આવૃત્તિઓ બ્હાર પડવી જોઈએ, કોઇપણ કન્યાનું દફતર આ ગરબાવલી વિનાનું ન હોવું જોઇએ, છતાં આટલે લાંબે વખતે પણ આ ત્રીજી આવૃત્તિ બ્હાર પાડવાનો પ્રસંગ મળ્યો છે તે ઉપરથી એટલું તો જોઇ શકાય છે કે ધીમે ધીમે પણ આવા વિષયોનો આદર

થતો જાય છે, એક વખત એવો આવશે કે જ્યારે જમાનો આ કાર્યની સંપૂર્ણ કદર કરશે.

આ પુસ્તકમાંની ગરબીઓ અને મહાત્મા શ્રી ગાંધીજીના સુદર્શન ચક્ર (રેંટીઆ)ની કવાલીઓ કેટલી અસરકારક અને ભાવવાહી છે તેનો નિર્ણય વાંચકોએ અને શિક્ષકોએ જ કરવાનો છે. અમારૂં કામ તો નીતિ અને ચારિત્ર્યને નુકશાન કરે એવાં ગીતોને બદલે શુદ્ધ ભાવનાવાળા નૈતિક કાવ્યો બાળાઓના હાથમાં મુકવા અને તેમની સ્વાભાવિક વલણને ઉચ્ચ માર્ગે દોરી જવી એ સિવાય બીજું ન હોઇ શકે. એમાં અમને કેટલી ફત્તેહ મળી છે તેનો ઉત્તર વખત જતાં સ્વયમેવ મળી જશે.

ગીતોની ભાષા અને રચના પણ તદ્દન સાદી અને સરળજ રાખવામાં આવી છે, જેથી બાળકોને કંઠસ્થ કરવામાં અને સમજવામાં મુશ્કેલી ન નડે. જે શિક્ષકો તથા શાળાના વ્યવસ્થાપકો અમારા આવા પ્રયાસોને હોંસથી વધાવી લેછે તેમનો ઉપકાર માની આ પ્રસ્તાવના સંપૂર્ણ કરીએ છીએ.

પ્રકાશક.

શ્રી

જૈન બાળ ગરબાવળી.

અને

સુદર્શનચક્ર કવાલી સંગ્રહ

સચિત્ર.

ખંડ ૧ લો.

મંગળાચરણ.

દોહો.

પરમ પંચ પરમેષ્ટિનું, સ્મરણ કરૂં [૧]સુખકાર;
આરાધું આનંદથી, તે પદ [૨]મંગળકાર.
જૈન બાળિકા બોધ લહિ, સેવે આ સંસાર;
શુદ્ધ શ્રાવિકા તે બની, પામે આ ભવ પાર.

જિન શાસનના દેવતાને પ્રાર્થના.

હરીગીત.

વિદ્યા વિલાસોને વધારી સર્વ સદ્દગુણ સ્થાપજો,
[૩]આનંદકારી બોધ ઉત્તમ આપ [૪]અંતર આપજો;

---

૧ સુખને કરનારૂં. ૨ મંગળ કરનાર. ૩ આનંદને કરનાર. ૪ હૃદયમાં.

શુભ કાર્ય સઘળાં સાધવામાં સર્વ વિઘ્ન [1]વિદારજો,
સુખકાર શાસન દેવતા જિન બાળ વર્ગ સુધારજો. ૧
ગુરૂ દેવને વળી ધર્મમાં નિત્ય શુદ્ધ બુદ્ધિ [2]પ્રેરજો;
ભક્તિભાતથી શુભ ભાવનાની [3]વાસના રજ વેરજો;
ભવિતા ધરાવી ભાવથી સહુ દુષ્ટ દુર્ગુણ વારજો,
સુખકાર શાસન દેવતા જિન બાળ વર્ગ સુધારજો ૨
ઉત્કૃષ્ટતાને પામવા ચારિત્ર્યનું બળ આપજો,
સુખ સંપનું સઘળે પ્રસારી ઐક્યનું બળ આપજો,
અજ્ઞાનતાના [4]ઓઘમાંથી શ્રાવિકાજન તારજો,
સુખકાર શાસન દેવતા જિન બાળ વર્ગ સુધારજો. ૩
આનંદ સાગરને ઉછાળી [5]રંગ અંગ વધારજો,
સુખકાર ભક્તિ જ્ઞાનની કરવા સપ્રેમ પ્રસારજો;
જિન ધર્મને જિન ભક્તિમાં મન બાળિકાનાં ઠારજો.
સુખકાર શાસન દેવતા જિન બાળ વર્ગ સુધારજો. ૪

અચકો મચકો કારેલી—એ રાગ.

સૌ બ્હેનો આવો મળીએરે, ધર્મ તણાં ગીતો ગાઈએરે;
[6]સમક્તિ શ્રૃંગાર ધરીનેરે, જન્મ તણો લ્હાવો લહિયે. ૧

---

૧ નાશ કરજો. ૨ સારી બુદ્ધિની પ્રેરણા કરજો. ૩ સારી ભાવનાની વાસનારૂપી રજને વેરજો. ૪ સમૂહમાંથી. ૫ રંગ—આનંદ. ૬ સમક્તિરૂપ શ્રૃંગાર.

શુભ ધર્મ ભાવના ભાવીરે, આ ભવસાગરને તરીએ;
સામાયિક સુંદર સેવીરે, પાપ બધા તે [1]પરહરિએ. ૨
અતિચાર બધા આલોવીરે, પડિકમવા પ્રીતિ કરીએ;
અપરાધ ખમાવી ખાંતેરે. અંગ ઉમંગ સદા ધરીએ. ૩
વાંદી ગુરૂ [2]ગૌરવ ધારીરે, ભક્તિ ભાવ હૃદયે ધરિએ;
અંતરમાં ભાવ વધારીરે, જિન પૂજા પેમે કરીએ. ૪
જિન નામ જપી [3]જયકારીરે, જન્મ સફળ કરીએ જગમાં;
થઇ ધીર ધ્યાન શુભ ધરીએરે, [4]શિવપદના સુખને વરીએ. ૫
સાધર્મિ બંધુની સેવારે અંગ ઉમંગ ધરી કરીએ;
કરી સંપ સર્વમાં ભળીએરે, જીવ દયા દિલમાં ધરીએ. ૬
નિત્ય વિનય વડિલનો કરવારે, હોંશ ધરી હર્ષિત થઇએ;
પતિ પ્રેમ હૃદયમાં ધરવારે, મગ્ન બની મનમાં રહિએ. ૭
ધરિએ ગુણ નિત્ય ગણાઇએરે, શ્રાવકની કુળની બાળા;
પ્હેરો સૌ પ્રેમે ધરીનેરે, સદ્‌ગુણની સુંદર માળા. ૮

શ્રાવકની બાળા કેવી હોય.

આવી છે બાણુને માંડવેરે, જાદવકુળનીતે જાન, એ-રાગ.

સુંદર સદ્‌ગુણ [5]ધારતીરે એવી શ્રાવક બાળ;
પ્રેમ [6]સુવાસ પ્રસારતીરે, એવી શ્રાવક બાળ. ૧

---

૧ નાશ કરીએ. ૨ ગૌરવ-મહત્તાને ધારણ કરનારા. ૩ જયને કરનારૂં. ૪ મોક્ષ પદના. ૫ ધારણ કરતી. ૬ પ્રેમની સુગંધ ફેલાવતી.

જ્ઞાનના ગુણથી ગાજતીરે, એવી શ્રાવક બાળ;
વિદ્યા વિનોદથી રાજતીરે, એવી શ્રાવક બાળ. ૨
વિનય વડિલનો રાખતીરે. એવી શ્રાવક બાળ;
સત્ય વચન મુખ [૧]ભાખતીરે, એવી શ્રાવક બાળ. ૩
શુદ્ધ સતીવ્રત પાળતીરે, એવી શ્રાવક બાળ;
નીતિને [૨]પથે ચાલતીરે, એવી શ્રાવક બાળ. ૪
સંપ તણું સુખ પામતીરે, એવી શ્રાવક બાળ;
જગતમાં [૩]યશથી જામતીરે, એવી શ્રાવક બાળ. ૫
સાસરિએ સ્નેહ રાખતીરે, એવી શ્રાવક બાળ;
પ્રેમ તણો રસ ચાખતીરે, એવી શ્રાવક બાળ. ૬

ખંડ ૨ જો

"માતા તરફથી પુત્રીને શીખામણ."

(તિર્થ તણી આશાતના નવ કરીએ—એ રાગ.)

માતા કહે નિજ પુત્રીને સુણ બ્હેની,
સારી શિખની વાત,
પૂરણ પ્રેમથી ધારજે તે મજેની;
તારા હિતની એ વાત. માતા. ૧

---

૧ બોલતી. ૨ નીતિને માર્ગે. ૩ યશ-કીર્તિ.

દેવ ગુરૂને ધર્મને નિત્ય સેવી,
લેજે સમકિત છાપ,
ભાવ ધરીને ભાવજે ભલી રીતે;
શુદ્ધ ભાવના આપ. માતા. ૨
સત્ય વદી સત્ય ચાલજે સર્વ સાથે;
છોડી છલતાની વાત;
અંતરમાં અભિમાનને એમ ધરજે,
હું છું શ્રાવક જાત. માતા. ૩
પ્રેમ પતિમાં રાખજે શુદ્ધ ભાવે,
તેનાં વચનાનુસાર;
વર્ત્તન કરજે વ્હાલથી નિત્ય વ્હાલી,
થાશે ભવ સુખકાર. માતા. ૪
શાણી સહિયરના સાથમાં નિત્ય રહેજે,
ધરી શિયળ શણગાર;
સારી સુઘડતા સાધવા સ્નેહ ધરજે,
એ છે શિખનો સાર. માતા. ૫
લેશ ન ધરજે ગર્વને ક્રોધ વ્હેની,
નવ લોપજે લાજ;
વિનય વડીલનો સાચવી તન મનથી,
કરજે ઘરનાંજ કાજ. માતા ૬

પાય ન ધરજે પ્રેમદા પર ઘરમાં;
લાગે અનુચિત આળ;
વાત ન કરવી હાસ્યથી પર સાથે,
એ ગણાયે કુચાલ. માતા. ૭
શ્રાવકની કુળ દીપિકા બ્હેન થાજે,
તારાં માત ને તાત;
કીર્ત્તિ ધરે કુળવાનની જેમ જગમાં,
તેમ રાખજે વાત. માતા. ૮
પુસ્તક પ્રેમથી વાંચજે બોધ લેવા,
તેમાં રાખજે વ્હાલ;
જૈન સતીના ખ્યાલને મન ધરજે,
તુ છે વીરની બાળ. માતા. ૯

કન્યા કેળવણી વિષે.

[રાસડો.]

કન્યા કેળવણી વધારજો, સુભાવ ધરી,
કન્યા કેળવણી વધારજો—ટેક.
દેશ તણો શુભ ઉદય થાશે,
મહિલા મંડળને સુધારજો. સુભાવ ધરી કન્યા. ૧
સુજ્ઞ માતાનાં બાળક સુજ્ઞો,

શંકાને દુર પરિહારજો. સુભાવ ધરી કન્યા. ૨
કેળવણી સુખકારી સદા છે,
શાસ્ત્ર વચન: સત્ય: ધારજો. સુભાવ ધરી. કન્યા. ૩
કેળવણીથી જ્ઞાતિ સૂધરશે,
એ છે જગતમાંહે સારજો. સુભાવ ધરી. કન્યા. ૪
માતાનાં લક્ષણ આવે સંતાનમાં,
સુજ્ઞ હૃદયમાં વિચારજો. સુભાવ ધરી. કન્યા. ૫
બાળકનાં અતિ કોમળ ચિત્તમાં,
શુદ્ધ વિચાર છાપ મારજો. સુભાવ ધરી. કન્યા. ૬
જ્ઞાતિ ને દેશમાં કન્યા કેળવણી,
પ્રેમ ધરીને પ્રસારજો. સુભાવ ધરી. કન્યા. ૭
શ્રાવક કુળની શોભા વધારો,
ઉતરશો ભવપારજો. સુભાવ ધરી. કન્યા. ૮
રત્નસિંહ કહે જ્ઞાનદાતા થઇ,
મોક્ષનગરમાં પધારજો. સુભાવ ધરી. કન્યા. ૯

શિયળ વિષે.

[ભવ જળ પાર ઉતાર-એ રાગ.]

શીળ ભૂષણ નરનાર, શીળ ભૂષણ નરનાર. (૨)
એ વિણ કનકાદિનાં ભૂષણ, જાણી લેજો ભાર. જગમાં. ૧

શીળા ભૂષણુ ભુષિત જે છે,ધન્ય છે તસ અવતાર. જ૦ ૨
સર્વ ગુણોમાં અનુપમ એ ગુણુ, આપે સુખ શ્રીકાર. જ૦ ૩
ઈંદ્ર અમર ને રાય પ્રશંસે, શીળને જે ધરનાર. જ૦ ૪
સુલસાદિક જે જગ વિખ્યાતા,શીળથી ભવનો પાર. જ૦ ૫
સીતા દમયંતિનો મહિમા, વરતે છે મનોહાર. જ૦ ૬
સુરતરૂથી પણુ અધિકો જાણો, સ્વર્ગ મોક્ષ દાતાર. જ૦ ૭
શુળી સિંહાસન પ્રગટાવે, મહિમા જશ વિસ્તાર. જ૦ ૮
કષ્ટ પડે પણુ એને સેવો, એહ સદા સુખકાર. જ૦ ૯
રત્નસિંહ કહે જૈન તણી પણુ, એહ થકી જયકાર. જ. ૧૦

ખંડ ૩ જો.

પુત્રીની વિનંતિથી માતાએ આપેલ સુબોધ.

(મેઘાડંબર ગાજે—એ રાગ.)

પુત્રી કહે નિજ માતાને, માતા બોધ અપાવો,
સદ્દગુણુ રત્ન મળે મુને, ઉપજે સદ્દભાવો;
નિર્મળ બુદ્ધિ ચિત્તમાં, કેમ થાય અમારી,
કેમ મળે નિજ ધર્મની, શુભ સમજણુ સારી. ૧
માતા કહે સુણુ બાળિકા, શીખ એહ અમારી,
સદ્દવર્ત્તનથી ચાલજો, વધે લાજ તમારી;
સત્ય વચન નિત્ય બોલવાં, દૂર મિથ્યાથી રહેજો;

માન વડીલને આપજો, વાણી વિનયથી કહેજો. ૨
દેવ ગુરૂ ને ધર્મમાં, શુદ્ધ શ્રદ્ધા ધરજો,
લાવી દયા નિજ અંતરે, કષ્ટ પરનાં હરજો;
જ્યાં ઉપદેશ કથા તણી, થાય ચર્ચા સારી,
બ્હેન જવું ત્યાં વેગથી, શુભ ભાવ વધારી, ૩
સાંભળવા ઉપદેશને, મન વચન સૂધારી,
પર નિંદા પર વાતને, નવ કરવી વધારી;
જે નારી તે આચરે, અંતરાય કરે તે,
ધર્મ તણા ઉપદેશમાં, બહુ કર્મ ધરે તે. ૪
શ્રવણ કરીને સુંદરી, પછી અંતર ધરજો,
મનન કરી તે વાતનું, તેવી કરણી કરજો;
એ રીતે ઉપદેશને, જે શ્રવણ કરે છે,
તે સદ્ગુણી શ્રાવિકા, નિત્ય પુણ્ય ધરે છે, ૫

મિથ્યાત્વના છ ભેદ વિષે.

[વિમળા નવ કરશો ઉચાટ—એ રાગ]

છોડો સુંદર શ્રાવક બાળ મલિન મિથ્યાત્વનેરે. ટેક.
રાગ દ્વેષથી નિત્ય ભરેલા,
પક્ષપાતમાં રહે મચેલા;
નવ માનો એ રાગી લૌકિક દેવનેરે, છોડો. ૧

પાપ અઢાર સુખે જે સેવે,
રાખે પરિગ્રહ રહે કુટેવે;
એ લૌકિક ગુરૂ તણી કરો નહીં સેવનેરે. છોડો. ૨
હોળી ધૂળેટી વિજયા દશમી,
નાગપંચમી શિયળ સપ્તમી;
આરાધો નહી સર્વે લૌકિક પર્વનેરે. છોડો. ૩
છત્ર ચઢાવો આંગી રચાવો,
પુજા પ્રેમે આપ ભણાવો;
લાલચ છોડી ભજો લોકોત્તર દેવનેરે. છોડો, ૪
વેષ ધરી જે જન ઠગનારા,
જે નિર્મળ તપ આચરનારા;
નહી લોકોત્તર ગુરૂ ભજો ધરી આશનેરે. છોડો. ૫
આરાધું જિન પર્વ સદા હું,
સુખસાધક ધનવંત બનું હું;
એ ધારી સાધોન લોકોત્તર પર્વનેરે. છોડો. ૬

પ્રભુ સ્તુતિ.

(શ્યામ રંગ સમીપે ન જાવું, મારે આજ થકી–એ રાગ)

વીર જિન ચરણુ શરણુ જાવું,
મારે નિત્ય સખી. વીર જિન, ટેક.

ધર્મ રંગ અંગમાં ઉમંગથી ધરીને,
વીરના ગુણોનું ગાન ગાવું. મારે નિત્ય સખી. ૧
ભવ તરાવનાર ભજી ભાવથી જિનેશને,
કર્મને વિદારનાર થાવું. મારે નિત્ય સખી. ૨
ધર્મ વીરતાથી વીર ધર્મને વધાવવા,
વીર બાળ બની નિત્ય ધાવું. મારે નિત્ય સખી. ૩
કર્મને કષાય નિત્ય કષ્ટરૂપ માની.
વીર પ્રભુ તણું ધ્યાન ધ્યાવું. મારે નિત્ય સખી. ૪
શ્રાવિકા સતી ચરિત્ર સાંભળી સુખેથી,
શ્રાવિકા સુબોધ ધારી થાવું, મારે નિત્ય સખી. ૫
ધ્યાન શ્રી દેવાધિદેવનું ધરી ધરામાં,
જ્ઞાન નીર માંહિ નિત્ય ન્હાવું. મારે નિત્ય સખી. ૬
પ્રેમનો પ્રભાવ પ્રભુ ભક્તિમાં પ્રસારી,
પુણ્યવંત પ્રાણીમાં ગણાવું, મારે નિત્ય સખી ૭
શમ ધરી સ્વધર્મ નિત્ય સમકિતે સુધારી,
શિવપુરી સમીપ સદ્ય જાવું. મારે નિત્ય સખી. ૮

શ્રાવિકા મેળાપ.

અચકો મચકો કારેલી—એ રાગ.

ચાલો સૌ સંપે રમિએ બેન,

છો શ્રાવકકુળની માળા.
સદ્‌ગુણથી સૌને ગમિએ બે'ન,
છો શ્રાવકકુળની માળા.
જાગી વ્હેલાં [1]પરભાતે બે'ન,
છો શ્રાવકકુળની માળા.
સ્મરિએ પ્રભુને ભલિભાતે બે'ન,
છો શ્રાવકકુળની માળા.
પછી માતપિતાને નમિએ બે'ન,
છો શ્રાવકકુળની માળા.
ત્યાં [2]ભક્તિ રંગમાં રમિએ બે'ન,
છો શ્રાવકકુળની માળા.
તે માત પિતા ઉપકારી બે'ન,
છો શ્રાવકકુળની માળા.
દુઃખ વેઠી જે [3]સુખકારી બે'ન,
છો શ્રાવકકુળની માળા.
કરિ દાતણુ ચોળી ન્હાઈએ બે'ન,
છો શ્રાવકકુળની માળા.
પછી વાળ ઓળાવી લહીએ બે'ન,
છો શ્રાવકકુળની માળા.

---

૧ સ્હવારે. ૨ ભક્તિના રંગમાં. ૧ સુખ કરનારા.

પછી દેવ ગુરૂને ભજીએ બે'ન,
છો શ્રાવકકુળની માળા.
સઘળા અવગુણને ત્યજીએ બે'ન,
છો શ્રાવકકુળની માળા.
કરી ભોજન ભણવા જઇએ બે'ન,
છો શ્રાવકકુળની માળા.
ધરિ વિનય જ્ઞાનગુણ લહીએ બે'ન,
છો શ્રાવકકુળની માળા.

"બોધદાયક રાસડો."

(પૂનમ ચાંદની ખીલી પૂરી અહીં રે-એ રાગ.)
સુણજો સુંદર બોધ સખી સહુ પ્રેમ ધરી બહુરે,
સજની શ્રવણ કરીને મનન કરો દિલમાંય;
એવો સુંદર બોધ સૂણીને મનમાં ધારીએરે. ટેક.

સાખી.

શીલ ધરો સૂરતરૂ સમો, ભવો ભવ જે સુખકાર,
શીતળ અગ્નિ શીલથી, થાય મોક્ષ મનોહાર;
સીતા દમયંતિ ને સુલસા સર્વે ગવાય છે રે,
સહીયર એ સહુ સુંદર શીળ તણો મહિમાય. એવો ૧

સાખી.

સદાચરણ શુભ શાસ્ત્રને, કર ધરી થઈ એ સૂર,
વધશે શ્રી કીર્તિ સદા, સુખ મળશે ભરપૂર;
સજની એ ગુણ ધરતાં આશ સફળ સહુ થાય છેરે,
સર્વે વિઘ્નો જાશે દૂર સદા દુઃખકાર- એવો. ૨

સાખી

વિનય સુગુણને સેવીએ. જે ગુણમાં શિરદાર,
એ વિણ ગુણ શોભે નહીં, દેહ વિના શણગાર
સહિયર વિનય વિના શુભ જ્ઞાન કદી નહીં સંપજેરે,
ધારો તાત માત પતિ વડીલ વિનય સુખકાર. એવો. ૩

સાખી.

મિથ્યા મલિન નિવારિયે, આણ ધરી જિનરાજ,
સાચા શ્રી અરિહંતજી, ભવનિધિ તારણ જહાજ;
કુગુરૂ કુદેવ મિથ્યા પર્વ સેવો નહીં કદારે,
સહિયર સમકિત રત્ન તણી કરજો સંભાળ. એવો. ૪

સાખી.

સર્વ સાહેલી હળી મળી, વરતો વિશ્વ મોઝાર,
કુસંપ કેરા પાશમાં, પડો ન જે દુઃખકાર;
કુટુંબ સંપી જ્યાં વરતે છે ત્યાં સુખ સંપદારે,
કાચા તંતુ બહુ મળતાં હસ્તિ બંધાય. એવો. ૫

સાખી.

સદ્‌ગુણ મુક્તાફળ તણી, માળ ધરો ઉર ખાસ,
અતિ શોભા એથી વધે, મળે મોક્ષ આવાસ;
એ છે રત્નસિંહની શિક્ષા સુંદર ધારજોરે,
થાશે મહિલા મંડળની સુખકર જયકાર. એવો. ૬

"શ્રાવિકાએ કેવે ઠેકાણે જવું જોઇએ તે વિષે,"

(સખી નમિએ છે નેમ જિનરાય, ગઢ ગિરનારેરે–એ રાગ)

સૌ સુણો શિખામણ સાર, શ્રાવક બાળા રે,
ધરો સુંદર સુખ કરનાર, સદ્‌ગુણ માળારે.
જ્યાં મળે જ્ઞાનનો બોધ, લક્ષણ સારાંરે,
ત્યાં જવું કરી મન શોધ, થાય સૂધારાંરે. ૧
જ્યાં ધર્મ તણી શુભ વાત, ધર્મ વધારેરે,
ત્યાં પ્રેમે શ્રાવકબાળ, પાય પસારેરે;
જ્યાં જિનમંદિર જિનરાય, નિત્ય બિરાજેરે,
ત્યાં દર્શન કરવા કાજ, જાવું છાજેરે. ૨
જ્યાં સતિયોની શુભ વાત, સખીઓ કરતીરે,
ત્યાં જાશે શ્રાવકનાર, શુદ્ધ મન ધરતીરે;
જ્યાં ગુરૂ મુખના ઉપદેશ, ઉત્તમ થાતા રે,
ત્યાં હોંશ ધરે જિનબાળ, સત્વર જાતાંરે.

જ્યાં વનિતાનો નિજ ધર્મ સૌ સચવાયેરે, ૩
ત્યાં ધર્મી શ્રાવકબાળ, વેગે જાયેરે;
જ્યાં પુરૂષોને બહુ સાથ, જાયે આવેરે,
નવ જાવું બ્હેની ત્યાંય, એ નવ ફાવેરે. ૪
જ્યાં ઠઠ્ઠાબાજી થાય, દુર્ગુણ ધરવારે,
નવ જાવું ત્યાં ક્ષણવાર, એ દુઃખ કરતારે;
સૌ સુણો શ્રાવિકાબાળ એ શીખ સારીરે,
નિત્ય ધરજો અંતર આપ, પ્રેમ પ્રસારીરે.

---o---

સાધ્વીજીનો બોધ

"જાન જનાવરની મળી મેઘાડંબર ગાજે—એ રાગ."

બ્હેનો, સુણો એક વાતડી, આજ હું લાભ પામી;
આવી મળ્યાં એક સાધ્વી, રહી હું [1]શિરનામી,
આવી ઉપાશ્રય [2]ધામમાં મુને પાસ બેસાડી;
બોધ કર્યો ભલીભાતથી, જેમ માયાળુ [3]માડી ૨
બ્હેન સાંભળજે સ્નેહથી આપુ શીખજ સારી;
શ્રાવકની તું બાળ છે, તેથી લાગણી મારી. ૩
સ્નેહથી શ્રાવક બાળિકા, સારી સંગત કરજે;
ધીર બની તે ધર્મમાં, કુળની રીત ધરજે. ૪

---

૧ મસ્તક નમાવી. ૨ સ્થાનમાં. ૩ માતા.

સમકિતના શણગારને, બ્હેન ધારજે પ્રીતે;
સ્નેહ ધરીને સેવજે, [1]સદાચાર [2]સુરીતે. ૫
ભણતર ભણજે ભાવથી; બ્હેન બુદ્ધિ સુધારી;
શ્રાવકના સંસારમાં, અતિ તે સુખકારી. ૬
વિનય વડિલનો રાખજે, ખંત ખુબ વધારી;
શ્રાવકકુળની બાળિકા, લેજે જન્મ સુધારી. ૭
ગુરૂણીજીના મુખથી, લાભ રંગથી લીધો;
પ્રેમ અપાર હૃદયે ધરી, [3]શીખનો રસ પીધો. ૮

ખંડ ૪ થો.

ભણતરનો મહિમા

પીતર લોટા જળે ભર્યારે—એ રાગ.

ચાલો બ્હેનો સૌ સ્નેહથીરે, જિનશાળામાં જઈએ;
ઓ સજની ભણતર ભણીએ ભાવથીરે—ટેક.
બ્હેનો મુખે શું વર્ણવુંરે જ્ઞાન તપો મહિમાયરે. ઓ. ૧
શ્રાવક કુલની બાળિકારે, જ્ઞાન વિના ન ગણાયરે. ઓ. ૨
શિક્ષણ પામી સુંદરીરે, સફળ કરો અવતાર ઓ. ૩
વાંચન વનિતા શીખશો તો, મળશે વિવિધ વિનોદરે ઓ. ૪

---

૧ સારો આચાર, ૨ સારી રીતે. ૩ શીખામણનો રસ.

લેખન [1]લલના જાણુશો તો, લખશો સુંદર લેખરે એ. ૫
ભણુતર વિનાની [2]ભામિનીરે, આ ભવમાં ભટકાયરે એ. ૬

સાત વાર.

[3]આદિત્યે આનંદ, સહિયર સંગેરે
જિન કન્યાશાળા માંય, ભણીએ રંગેરે. ૧
સોમે સામાયિક નિત્ય, સહિયર કરીએરે.
શુદ્ધ દેવ ગુરૂનું ધ્યાન, મનથી ધરિએરે. ૨
[4]મંગળમાં મંગળરૂપ, જિનવર ભજીએરે,
આ ભવનાં સઘળાં પાપ, તનથી ત્યજીએરે. ૩
બુધવારે ધરવા બોધ, બુદ્ધિ ધરીએરે,
વાંચી પુસ્તકના થોક, આપ સુધરીએરે. ૪
ગુરૂએ ગુરૂનો ઉપદેશ, લેવા જઇએરે,
લઇ [5]શુભવર્તનની શીખ, નિર્મળ થઇએરે. ૫
શુક્રે [6]સતીઓનાં ગીત ગુણિઅલ ગાઓરે.
પતિ ભક્તિ સર્વમાં સાર, એ મન લાવોરે. ૬

---

૧ સ્ત્રી. ૨ સ્ત્રી. ૩ રવિવારે. ૪ મંગળવારે. ૫ સારી ચાલની. ૬ સતી સ્ત્રીઓના.

જિન દર્શનનો મહિમા

જાન જનાવરની મળી મેઘાડંબર ગાજે—એ રાગ.

ચાલો બધી બાળ શ્રાવિકા, જિન દર્શન કરવા;
[1]અંગ ઉમંગ ધરો સહુ, જિનનાથ નિરખવા. ૧
દેખી દેરાસર દીપતું, દીલનાં દુઃખ [2]દળીએ;
ભવ્યપણાના ભાવમાં ભલી ભાતથી ભળીએ. ૨
નમન કરી [3]જગનાથને, બ્હેની નિર્મળ થઇએ; ૩
ધ્યાન ધરીને ધીર થઈ; પ્રભુના ગુણ ગઇએ.
નિરખી [4]નિરંજન નાથની, મહા [5]મંગળ મુરતી;
અતિ ઉમંગથી અંગમાં ધરી સુંદર [6]સુરતિ. ૪
પ્રેમથી અંદર પેસતાં, મુખે "[7]નિસ્સહિ" કહીએ;
સર્વ મળી સખી સાથમાં, રમી [8]રંગથી રહીએ. ૫
શુદ્ધ દેવાધિદેવના, કરિ દર્શન આજે;
ચાલો ચતુરા સૌ મળી, કરવા શુભ કાજે. ૬

---

૧ શરીરમાં. ૨ નાશ કરીએ. ૩ જગતના સ્વામીને. ૪ નિરંજન—નિર્મળ, શુદ્ધ. ૫ મહા મંગળ સ્વરૂપ. ૬ સારી પ્રીતિ. ૭ દેરાસરમાં જતા ત્રણ વખત નિસ્સહિ કહેવાય છે ૮ આનંદથી.

વિદ્યાનો મહિમા.

ગોકુળ મથુરાંરે વાહ્ાા—એ રાગ.

મા મને વિદ્યારે વાલી થઉં હું તેથી તને વ્હાલી
નહિ રહું રે [1]તેથી ઠાલી, પ્રેમ તેમાં રાખું [2]પાળી.
મા. ૨

જ્ઞાનથીરે ગમ્મત ભારે, જ્ઞાનથી સુખ છે સંસારે;
વિવેકીરે [3]જ્ઞાનધારે, જ્ઞાન આ ભવસાગર તારે
મા. ૨

વિદ્યાથીરે સદ્ગુણ આવે, તેથી તે સૌ જનને ભાવે;
વિદ્યાનેરે સહુ જન માને આવે નહિ તે જન [4]નાદાને.
મા. ૩

જુવોનેરે વિદ્યા કેવી, ગણાયે કલ્પલતા જેવી;
ગવાયેરે ગુણ સૌ તેના, મનાયે ભાવ સકળ તેના,
મા. ૪

માતારે પૂરી કૃપા કરજો, ભણાવા ભાવ સદા ધરજો,
સુખીરે તેથી અમે થાશું, માતા ગુણ આપ તણા ગાશું.
મા. ૫

---

૧ તે વિદ્યાથી ઠાલી—ખાલી નહીં રહું. ૨ પાળી—પોષી ૩ જ્ઞાનને આરે વિવેકી થવાય છે. ૪ નાદાન—હલકા માણસમાં તે વિદ્યા આવતી નથી.

માતારે જ્ઞાન [1]રતિ મારી, [2]સુતાને લેજોરે તારી;
ભણેરે [3]ભામિની જે ભાવે, તેને ભવનાં દુઃખ નહિં આવે.
મા. ૬

પર્વનો મહિમા.

મહિનાનો રાગ.

સખી આજ [4]અનુપમ પર્વ, [5]જિનાલય જઈએરે,
કરી જિનવર દર્શન પ્રેમથી, [6]પાવન થઈએરે. ૧
ગાઇ ગુરૂવર ગુણનાં ગીત, ગમ્મત બહુ કરીએરે;
શુદ્ધ ભાવથી ભજી ભગવાન, આ ભવદુઃખ હરિએરે ૨
બેનિ નિરખી નિરંજન નાથ, નયનમાં ઠરીયેરે;
તેનું જપિએ નિર્મળ નામ, કરમને [7]હરિએરે. ૩
એ ધર્મ રૂપનું ધ્યાન, હૃદયમાં ધરિએરે,
નમી ત્રિભોવન [1]તારક દેવ, [2]મહાભવ તરિએરે. ૪
એક અરિહંત ઉત્તમ દેવ, [3] ઉપાસી [4]રંગેરે,
બ્હેની કર્મ ખપાવો ખુબ, રહેવા [5]શિવ સંગેરે. ૫
થયો શ્રાવક કુળ અવતાર, સફળ તે કરવોરે,
રાખી ટેક સતી વ્રત ધર્મ, [6]રસેથી ધરવોરે. ૬

---

૧ જ્ઞાન ઉપર પ્રીતિ. ૨ પુત્રીને. ૩ સ્ત્રી. ૪ જેની ઉપમા નથી એવું. ૫ દેરાસર. ૬ પવિત્ર. ૭ કર્મનો નાશ કરે એ. ૮ તારનારા. ૯ મોટા સંસારને. ૧૦ ઉપાસના કરી. ૧૧ રંગે આનંદમાં. ૧૨ મોક્ષને સંગે રસથી. ૧૩ જ્ઞાનપંચમી. ૧૪ તે જ્ઞાનાવરણીય કર્મ આવતાં નથી.

વાર્ષિક પર્વ મહિમા.

"ઓધવજી માધવને કહેજો."-એ રાગ.

સખીઓ સૌ ચાલો ભણીએ.
પ્રેમથી પર્વ દિવસ ગણીએ;
ધર્મથી કર્મ બધાં હણિએ.
ભાવથી જિન ભક્તિ કરીએ,
પાપથી સર્વ કાળ ઠરિએ. એ ટેક.
કારતક માસ સખી આવે,
[૯]પંચમી જ્ઞાન તણી ભાવે;
[૮]જ્ઞાનનાં આવરણો નાવે. સખીઓ. ૧
[૧]માગશર મૌન એકાદશીનો,
તપસ્યા ધર્મ ઘણો તેનો;
ગવાયે [૨]ધર્મ રંગ જેનો. સખીઓ ૨
પોષે પ્રેમ ધરો ધર્મે,
વધારો ભાવ [૩]સુકૃત કર્મે;
થશો સૌ યોગ્ય [૪]મોક્ષ શર્મે સખીઓ. ૩
વસંતે માઘ માસ આવે,
પ્રભુની ભક્તિ સદા ભાવે;

---

૧ માગશર માસમાં મૌન એકાદશી આવે છે. ૨ ધર્મનો ઉત્સવ. ૩ સારા કામમાં. ૪ મોક્ષના સુખને યોગ્ય થશો.

ભક્ત સૌ વસંતને ગાવે. સખીઓ. ૪
ફાગણ [1]અશુભ પર્વ હોલી;
ચૈતરમાં વ્રત શુભ ઓલી;
કરો નિત્ય એ વ્રત થઈ ટોળી. સખીઓ. ૫
વૈશાખે વાય ઘણા વાયુ.
ગણે નહીં તપસી [2]નિજ આયુ;
જેઠે થાય [3]તપ્ત અતિ [4]સ્નાયુ. સખીઓ. ૬
અષાડે [5]ઘન ગરજી વર્ષે,
ચોમાસી વ્રત કરો હર્ષે;
ધરો નિત્ય નિયમ રહો [6]સરસે. સખીઓ. ૭
શ્રાવણ માસ [7]ધર્મ ધારી,
[8]પર્યુષણ પર્વ આવે ભારી;
શ્રાવક જનને તે [9]શિવકારી. સખીઓ. ૮
પછી ભવ્ય ભાદરવો આવે,
ખમાવો સંવત્સરી ભાવે;
[10]જન્મ ને મરણ ફરી નાવે. સખીઓ. ૯

---

૧ નઠારૂં પર્વ હોળી છે. ૨ તપસી એવી તપસ્યા કરે છે કે, તેઓ પોતાના આયુષ્યને પણ ગણતા નથી. ૩ તપી ગયેલી. ૪ સ્નાયુ—નસો. ૫ મેઘ. ૬ રસ સહિત રહો. ૭ ધર્મને ધારણ કરનાર. ૮ પજુસણ પર્વ. ૯ મોક્ષ કરનાર. ૧૦ જન્મ અને મૃત્યુ.

ઓળી વ્રત આસોમાં આવે,
દીવાળી પર્વ સુણો ભાવે;
બાળા સૌ ગીત ઘણાં ગાવે. સખીઓ. ૧૦

ખંડ ૫ મો.

સામાયિક વિષે.

આવો આવો શિવશંકર ભોળા–એ રાગ.

ચાલો સખી સામાયિક કરિએ,
ધરિ ધ્યાન જ્ઞાન હૃદય[1] ધરિએ. એ ટેક.
પેહેરી શુદ્ધ વસ્ત્ર શુચિ[2] થઇએ,
કટાસણુ આસનને લઇએ;
પુંજી સ્થળ[3] આસનપર રહિએ. ચાલો. ૧
ડાબે કર મુહપત્તિને ધારી,
બીજો [4]કર [5]સન્મુખ પ્રસારી;
[6]સ્થાપન આચાર્ય રહો ધારી. ચાલો. ૨
સખી નવકાર મુખે ગણિએ,
પંચેંદ્રિય પાઠ પછી ભણીએ;

---

૧ હૃદયમાં. ૨ પવિત્ર. ૩ જ્યાં બેસવાનું હોય તે જગ્યાને ૪ જમણો હાથ. ૫ સ્થાપનાચાર્ય સામે પ્રસારી–રાખી. ૬ સ્થાપનાચાર્ય.

બધા [1]ભવ કામ દૂરે હણિયે. ચાલો. ૩
ઇર્યાવહિ પાઠ ભણી પ્રીતે,
લોગસ્સ કાઉસગ્ગની રીતે;
પડીલેહણાને કરો ચિત્તે. ચાલો. ૪
ગણો બોલ સર્વ [2]પચાશ મુખે;
પડિલેહો મુહપત્તિને સુખે,
રહેશો નહીં આ ભવમાં દુઃખે. ચાલો. ૫
કરી પછી ધ્યાન [3]સઝાય ભણો,
[4]નિરંતર શ્રી નવકાર ગણો;
ધરો શુભ ભાવ હૃદેથી ઘણો,.

સાત વાર.

પદવેની પણ પ્રીત-એ રાગ.

[5]આદિત્યે આનંદ શ્રાવક બાળારે,
કરો નિત્ય [6]પઠનમાં પ્રેમ છોડી [7]કુચાલારે. ૧
સોમે સખિઓ સાથ ભણવા જઈએરે,
મનરંજન સુંદર બોધ, બ્હેનો લઈએરે. ૨

---

૧ સંસારના બધાં કામનો દૂર કરી નાશ કરીએ. ૨ મુહપતિના પચાશ બોલ ગણો. ૩ સ્વાધ્યાય. ૪ નિરંતર ચાલુ રીતે. ૫ રવિવારે. ૬ ભણવામાં. ૭ નઠારા ચાળા.

મંગળે મંગળરૂપ, ગુરૂને નમિએરે,
ધરિ વિનય વિવેક [૧]અનૂપ, ગુણમાં રમિએરે. ૩
બુધવારે સૌ બ્હેન, બુદ્ધિ સુધારીરે,
સો બાળા ધરજો બોધ, બ્હેમ [૨]વિદ્દારીરે. ૪
ગુરૂએ ગુરૂ ઉપકાર, [૩]અંતર ધરિએરે,
દે જ્ઞાન તણું જે દાન, તે ન વિસરિએરે. ૫
શુક્રે સદ્ગુણ પાઠ, પઢજો પ્રીતેરે,
શુભ ધર્મ બોધની સાથ, ધરજો રીતેરે. ૬
શનિએ શ્રાવક બાળ, સમકિત ધરજોરે,
થઇ શુદ્ધ શ્રાવિકા નાર, [૪]ભવજળ તરજોરે. ૭
એ સાત વાર સૌ બાળ, હૃદયે રાખોરે,
થઈ સદ્ગુણિ સુંદર નાર, [૫]શુભ ફળ ચાખોરે. ૮

માતાપિતાની સ્તુતિ.

મામેરૂં મોંઘા મૂલનું—એ રાગ.

સુખદાતા માતાપિતા બાળના,
ઉપકારી તે સમ નહિ કોય;

૧ જેની ઉપમા નથી તેવા. ૨ નાશ કરીને. ૩ હ્રદયમાં. ૪ સંસારરૂપી જગને. ૫ સારાં ફળને ચાખો.

નમે માત તાતને. ટેક. ૧

દુઃખી દેખી સદા નિજ બાળને,
અતિ દુઃખી હ્રદયમાં જે હોય. નમો. ૨

નવ માસ ઉદર માંહિ રાખતાં,
કરે માત ઘણી સારવાર. નમો. ૩

ભીનામાંથી સુકામાં સુવાડતાં,
કેવો માત તણો ઉપકાર. નમો. ૪

કરી હેત હૈયામાં દાબતી,
માતા હરખે હાલરડાં ગાય. નમો. ૫

દુઃખ વેઠી સદા સુખ આપતી,
કહો [1]જનની એ કયમ વીસરાય. નમો. ૬

પિતા [2]પોષક [3]પાળક આપણા,
તેનો [4]અગણિત છે ઉપકાર. નમો. ૭

પિતા પ્રેમથી બાળ પઢાવતાં,
જ્ઞાન દાન અપાવે સાર. નમો. ૮

માત તાત એ [5]જંગમ તીર્થ છે,
કરો ભાવથી તેમની સેવ. નમો. ૯

---

૧ માતા. ૨ પોષણ કરનાર. ૩ પાલન કરનાર. ૪ અસંખ્ય-ઘણા. ૫ હાલતું ચાલતું તીર્થ છે.

માત તાતની ભક્તિ ભાવથી,
મન રાખો એ કરવા ટેવ. નમો. ૧૦
તે [1]કુપુત્ર [2]કુપુત્રી જાણવાં,
નવ રાખે વહિલનું જે માન. નમો. ૧૧
બ્હેનો શિક્ષણુ આ મન ધારજો,
કરો માત પિતા ગુણુ ગાન. નમો. ૧૨

શ્રાવિકા ગુણુ વર્ણન.

રાગ ઉપરનો.

નીતિ ધર્મને મારગ ચાલતી,
નવ રાખે અનીતિ લગાર;
શ્રાવક કુળ બાળિકા. એ ટેક. ૧
સત્ય ચાલે વદે [3]સત્ય વાણીને,
કદિ [4]મિથ્યા ન બોલે [5]અસાર. શ્રાવક. ૨
ભણે ભણતર ભાવથી [6]ભામિની,
લાભ જ્ઞાનનો લઇ હરખાય. શ્રાવક. ૩

---

૧ નઠારો પુત્ર. ૨ નઠારી પુત્રી. ૩ સાચી વાણી. ૪ ખોટું. ૫ સાર વગરનું. ૬ સ્ત્રી.

સુખ સંપથી વર્ત્તે સર્વમાં,
આપે [1]શક્તિથી સૌને સ્હાય. શ્રાવક. ૪
કરિ વિનય વડિલનો વર્ત્તતી,
નવ બોલે કહિ મુખ ગાળ. શ્રાવક. ૫
[2]કટુ વચન કદાપિ ન કાઢતી,
નવ આવતી [3]મિથ્યા આળ. શ્રાવક. ૬
ઉઠે વ્હેલી પ્રભાતે પ્રેમથી,
શુદ્ધ થઇ દેવ દર્શન જાય. શ્રાવક. ૭
ગુરૂ ભક્તિ કરે ભલીભાતથી,
રાખે નિર્મળ જે [4]નિજ કાય. શ્રાવક. ૮
નિત્ય સ્વચ્છ રહે શુભ વેષમાં,
કરે ચંચળ થઈ ઘરકામ. શ્રાવક. ૯
ધન્ય ધન્ય એ શ્રાવક બાળને,
ધન્ય ધન્ય દીપાવે જે નામ. શ્રાવક. ૧૦

---

૧ પોતાની શક્તિ પ્રમાણે. ૨ કડવાં વચન. ૩ ખોટું આળ. ૪ પોતાની કાયા.

વિદ્યાના ઉત્તેજનનો મહિમા.

" મા પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળીરે-એ રાગ. "

ધન્ય દિવસ છે આજનો, સુણ સાહેલી;
મુજ હૃદયે હર્ષ ન માય, સાંભળ સાહેલી. ટેક. ૧
એક [1]ધનપતિ શ્રાવક આવિયા, સુણ.
જિન કન્યાશાળા માંહ્ય. સાંભળ. ૨
લીધી પરીક્ષા પ્રેમથી. સુણ.
ગવરાવ્યાં સુંદર ગીત. સાંભળ. ૩
પ્રવેશપોથી તણા પાઠ, સુણ.
વંચાવ્યા ધારિ વિનોદ. સાંભળ. ૪
પ્રશ્ન કર્યા તે પાઠના, સુણ.
પુછ્યા [2]તેના શુભ સાર. સાંભળ. ૫
[3]મનરંજન કવિતા ઘણી, સુણ.
સુણી હરખ્યાં હૃદય અપાર. સાંભળ. ૬
પછી ઇનામો આપીયાં, સુણ.
લઈ હરખી શ્રાવક બાળ. સાંભળ. ૭

---

૧ પૈસાદાર. ૨ તે પાઠના. ૩ મનને આનંદ આપે તેવી.

અતિ ઉત્તેજન આપતાં, સુણ.
[1]તેણે સફળ કર્યો અવતાર. સાંભળ. ૮
પાસ થઇ હું [2]સર્વમાં, સુણ.
જો આ સાડી લાવી આજ. સાંભળ. ૯
કરી પ્રેમથી પ્રભાવના, સુણ.
થયો જ્ઞાનતણો જય કાર. સાંભળ. ૧૦

શ્રાવિકાને શીખામણ.

" કેશી સહિયર જેનો કંથડો—એ રાગ. "

શીખ ધરો સૌ શ્રાવિકા, છો શ્રાવકની બાળ,
સદ્‌ગુણ શોભા શ્રેષ્ટ છે, ધરો તેમાંહે વ્હાલ.
શીખ ધરો સૌ શ્રાવિકા. (એ ટેક.)
બ્હેની ભણો ભલીભાતથી, ધરો ઉત્તમ જ્ઞાન,
કેળવણીના પ્રભાવથી, અતિ પામશો [3]સુમાન; શીખ. ૧
વિનય કરીને વર્ત્તજો, ગુણ એ છે [4]મહાન,
વિનય મૂળ આ ધર્મ છે, વધે વિનયથી માન. શીખ. ૨

---

૧ તે પરીક્ષા લઇ ઉત્તેજન આપનારા ગૃહસ્થે. ૨ બધા વિષયમાં. ૩ સારૂં માન. ૪ મોટો.

સંપેથી રહેજો સર્વમાં, નવ રાખો વિરોધ,
નિત્યે ક્ષમા ગુણ રાખજો, નવ કરશોજ ક્રોધ. શીખ. ૩
માત પિતાને સેવજો, જાણી તીર્થ સ્વરૂપ,
આજ્ઞા ઉઠાવજો એમની, ઉપકારી [૧]અનૂપ. શીખ. ૪
આળસ છોડી અંગથી, કરો ઘરનાંજ કામ,
સ્નેહે સુઘડતા સાચવો. રાખો હૃદયેજ હામ. શીખ. ૫
સુંદર રાખો સ્વચ્છતા, રહો [૨]સ્વચ્છ શરીર.
કેશ સમારી રાખજો, જાણે કોમળ હીર. શીખ. ૬
વાદ કદિ કરશો નહીં, રહો શાંતિની સાથ,
કરવી નહીં કદિ [૩]કુથલી; ધરો નિંદા ન હાથ. શીશ. ૭
હાસ્ય કરો નહીં કોઇનું, નવ રાખો ગુમાન,
ઠઠ્ઠાબાજીની રીતથી, થાય મોટીજ [૪]હાન. શીખ. ૮
[૫]પરનિંદા પર કુથલી, નહીં કરવી કહાય,
એથી [૬]અવર જનનું અતિ, બ્હેનો હૃદય દુભાય, શીખ. ૯
નિત્ય સખીના સાથમાં, રહો સંપથી આપ.
સદ્ગુણ ને શુભ ધર્મની, ધરો સુંદર છાપ. શીખ. ૧૦

---

૧ જેની ઉપમા નથી તેવા તે ઉપકારી છે. ૨ ચોખ્ખે શરીરે રહો. ૩ પારકી કુથલી. ૪ નુકશાન. ૫ પારકી નિંદા. ૬ બીજા માણસનું.

પતિ ભક્તિ શુભ ભાવથી, કરા રાખીને ખંત,
[1]ઇષ્ટ પતિને માનજો, એથી થાય દુઃખ અંત. શીખ. ૧૧
કદિ ધરા નહિ વ્હેમને, તેથી ધર્મનો નાશ,
મિથ્યાત્વ આવે વ્હેમથી; ધ્યાન રાખો એ ખાસ. શીખ. ૧૨
ધરે શિખામણ શ્રેષ્ટ આ, કોઇ શ્રાવક બાળ,
જન્મ સુધારી શ્રાવિકા, શુદ્ધ થાય [2]ધર્મપાળ. શીખ. ૧૩

ખંડ ૬ મો.

નિશાળે જવા વિષે.

" શ્યામ રંગ સમીપે ન જાવું મારે.—એ રાગ. "

નિત્ય પ્રેમથી નિશાળે જાવું મારે,
સુણ સખી નિત્ય પ્રેમથી નિશાળે જાવું. એ ટેક.
[3]પ્રવેશપોથી પાઠ પ્રેમ ધારીને પઢીને,
શ્રાવિકા [4]સુબોધધારિ થાવું. મારે. ૧
વાંચન કળા વધારી વાંચનો કરીને,
પુસ્તકોની વાંચનાર થાવું. મારે. ૨

---

૧ પતિને ઇષ્ટ દેવવત્ માનજો. ૨ ધર્મને પાળનારી. ૩ જૈન ધર્મ પ્રવેશપોથીના પાઠ. ૪ સારા બોધને ધારણ કરનાર

ધર્મ શિક્ષણોથી [1]ધર્મજ્ઞાનને વધારૂં.
[2]ધર્મ ગીત ગર્વ ધરી ગાવું. મારે. ૩
[3]શ્રાવિકા તણાં સુભૂષણો ધરી હૃદેમાં,
વાંચુ તો હું સર્વ માંહિ ફાવું. મારે. ૪
વાંચીને સુબોધકારી ધર્મની કથાઓ,
શ્રાવિકાપણું સદા નિભાવું. મારે. ૫
દેવગુરૂ ધર્મ તત્વને સદા [4]ઉપાસું,
નહિં કદી [5]અનીતિ પંથ જાવું. મારે. ૬
જ્ઞાનથી સુનીતિ ધર્મના ગુણો વધે છે,
તેથી જ્ઞાનનાં સુગીત ગાવું. મારે. ૭
ધન્ય માત ધન્ય તાત જે [6]સુતા ભણાવે,
ચરણુ તેમનાં પુજું પૂજાવું. મારે. ૮

બાવન સતીઓનો મહિમા.

સખિ નમિએરે નેમિ જિનરાય ગઢ ગિરનારેરે,–એ રાહ.

સુલસા [7]ચંદનબાળ, સતીઓ સારીરે.

---

૧ ધર્મના જ્ઞાનને ૨ ધર્મનાં ગીત. ૩ શ્રાવિકાભૂષણ પુસ્તકના અલંકારો ૪ આરાધું ૫ અનીતિને માર્ગે. ૬ પુત્રી. ૭ ચંદનબાળા.

સતી મનોરમાની વાત, લાગે પ્યારીરે. ૧

સતી મદનરેખા રૂપ, ગુણથી ઝળકેરે,
દમયંતી ચરિત અપાર, જનમાં ચળકેરે. ૨

સતી નર્મદા સુંદરી, [1]સદ્‌ગુણ ધારીરે,
સતી સીતા સુંદર રૂપ, [2]શીળ વિહારીરે. ૩

નંદા ભદ્રા અને, સુભદ્રા સારીરે,
થઈ [3]ભારતભૂષણ એહ, ધર્મ સુધારીરે. ૪

રાજિમતી સતીરત્ન, [5]રામરસ ધોરીરે,
પ્રભુ નેમિનાથ [6]મુખચંદ્ર, માંહિ ચકોરીરે. ૫

ઋષિદત્તા [7]રસરૂપ, ધર્મ તણું થઈરે,
પદ્માવતી [8]શિવ સ્વરૂપ, શિવપદમાં ગઈરે. ૬

સતી અંજના એક, નિર્મળ મનનીરે,
શ્રી દેવી સુંદર શીળ, [9]મનહર તનનીરે. ૭

સતી જ્યેષ્ટા જે શ્રેષ્ટ, યશમાં જામીરે,

---

૧ સારા ગુણને ધારણ કરનારી, ૨ શીળમાં વિહાર કરનારી. ૩ ભરતક્ષેત્રમાં આભૂષણરૂપ. ૪ સતીઓમાં રત્નરૂપ. ૫ શમતા રસને ધારણ કરવામાં મુખ્ય. ૬ નેમિનાથના મુખરૂપ ચંદ્રને વિષે ચકોર પક્ષી સમાન. ૭ ધર્મના રસનું રૂપ થઈ. ૮ મોક્ષ સ્વરૂપ. ૯ મનોહર શરીરવાળી.

ધરી સુંદર સદ્ગુણ છાપ, શિવપદ પામીરે. ૮
સતી સુજયેષ્ટા નાર્ય, બહુ વખણાણીરે,
સતી મૃગાવતી [1]મનરંગ, જનમાં જાણીરે. ૯
સતી પ્રભાવતીનો પ્રતાપ, જન સહુ ગાવેરે,
અતિ ચતુર ચિલ્લણા નાર, જન મન ભાવેરે. ૧૦
સતી બ્રાહ્મી સુંદરી શ્રેષ્ટ, જિનવર બાળારે,
રૂકિમણી રેવતી નાર, [2]ધર્મ વિશાળારે. ૧૧
કુંતી શિવા [3]સુખકાર, [4]સતી ગુણ માળારે,
જયકારી જયંતીબાળ, [5]સદ્ગુણ શાળારે. ૧૨
દેવકી દ્રૌપદી [6]ધારણી બે સતીઓરે,
એ પામી સુંદર આપ, [7]શિવપદ ગતિઓરે. ૧૩
કલાવતી કુળવાન, [8]જન મન હારીરે,
સતી પુષ્પચૂલા [9]પ્રતિબોધ, શીળ ગુણ ધારીરે. ૧૪
પદ્માવતી ગૌરી સતી, ગાંધારી સારીરે,

---

૧ લોકોનાં મનને આનંદરૂપ. ૨ ધર્મમાં વિશાળ એવી. ૩ સુખ કરનારી. ૪ સતીના ગુણોની માળાવાળી. ૫ સદ્ગુણોની શાળારૂપ. ૬ ધારણી બે સતીઓ છે તે, ૭ મોક્ષના પદની ગતિઓને, ૮ લોકોનાં મનને હરનારી. ૯ પ્રતિબોધ અને શીલ ગુણને ધારણ કરનારી.

પ્રસરાવી આ જગ માંહિ, કીર્ત્તિ ભારીરે. ૧૫
સતી લક્ષ્મણા સુંદર રૂપ, સુસીમા બાળારે,
શ્રી જંબૂવતી જયવંત, [૧]બુદ્ધિ વિશાળારે. ૧૬
સત્યભામા રૂક્મિણી યક્ષા, સતીઓ જાગીરે,
જિન શાસનમાં વિખ્યાત, થઈ [૨]બહુભાગીરે. ૧૭
યક્ષા દિન્ના ને ભૂતા, [૩]ભય હરનારીરે,
ભૂતદિન્ના સાધ્વી રૂપ, [૪]ભવ તરનારીરે. ૧૮
સેણા વેણા રેણા, સુંદર નારીરે,
સતી શીળવતીની વાત, [૫]મુદ કરનારીરે. ૧૯
નંદયંતી રોહિણી સતી, શુદ્ધ કુળ કાંતારે
રતિ સુંદરી શ્રીમતી નામ, સુખકર [૬]શાંતારે. ૨૦
એ બાવન સતીઓ પ્રગટી, ભારત જનમાંરે,
નિત્ય સ્મરણ કરો તે નામ, [૮]ભવિજન મનમાંરે.૨૧

---

૧ બુદ્ધિમાં વિશાળ એવી. ૨ ભાગ્યવાન. ૩ ભયને હરનારી. ૪ સંસારને તરનારી. ૫ હર્ષ કરનારી. ૬ સુખ કરનારી, ૭ શાંતિવાળી. ૮ હે ભવિજન.

વિદ્યારૂપી વાટિકા.

" તીર્થતણી આશાતના નવ કરીએ—એ રાગ. "

સુંદર [1]વિદ્યા વાટિકા શી મજેની,
ખીલી ખૂબ અપાર;
ચાલો સખી સૌ શ્રાવિકા સ્નેહ ધારી,
તેમાં ફરીએ વિહાર. સુંદર એ ટેક.

[2]બોધ કુસુમના હારને કંઠ ધરીએ,
[3]નીતિ પલ્લવ સાથ;
સમકિતના શ્રૃંગારમાં સ્નેહ કરીએ,
રમિએ સૌ સાથ. સુંદર. ૧

મનહર [4]તત્વના મંડપે બ્હેન બેસી.
લઈએ શીતળ છાંય;
[5]અજ્ઞાન અંતર તાપને [6]પરહરિએ,
થાય નિર્મળ કાય, સુંદર. ૨

ગુણ ગુલાબની વાસમાં રસ ધરિએ,

---

૧ વિદ્યારૂપી વાડી. ૨ બોધરૂપી પુષ્પના હારને. ૩ નીતિરૂપી પલ્લવની સાથે. ૪ નવ તત્ત્વરૂપી મંડપમાં. ૫ અજ્ઞાનરૂપ હૃદયના તાપને.

[1]પાઠ પુષ્પના ગુચ્છ;
ચંપો [2]ચારિત્રનો બ્હેકતો ત્યાં મજેનો;
તેની ખુશબો [3]ન તુચ્છ. સુંદર. ૩
દર્શન ડોલર પુષ્પની વાસ લઇએ,
ગુરૂ ધર્મ ને દેવ;
[4]શુદ્ધ વિલોકી [5]અંતરે જઇ ઠરીએ,
કરી ભાવથી [6]સેવ. સુંદર. ૪
[7]તપરૂપ તિલકના વૃક્ષને [8]સુવિલોકી,
ધરીએ અતિ પ્યાર;
[9]જીવદયાની વેલડી શી મજેની,
એ છે ધર્મમાં સાર. સુંદર. ૫
બકુલ છે બોધના પાઠ [10]ત્યાં સુખકારી,
નવ પલ્લવ રૂપ;

---

૧ પરહરીએ–છોડી દઇએ ૨ પાઠરૂપી પુષ્પના ગુચ્છ. ૩ ચારિત્રરૂપી ચંપાના ફુલ. ૪ તુચ્છ નહીં એટલે ભારે. ૫ દર્શનરૂપ ડોલરના પુષ્પની સુગંગ લઇએ. ૬ શુદ્ધ દેવગુરૂને ધર્મને જોઇને ૭ અંતરે હૃદયમાં. ૮ સેવા. તપરૂપી તિલકના વૃક્ષને. ૯ સારી રીતે જોઇને. ૧૦ જીવ દયારૂપી વેલ.

[1]શીળ અશોકની છાયા છે [2]શિવકારી,
વ્હેનો એ છે [3]અનૂપ. સુંદર. ૬
[4]ભક્તિ હવામાં હર્ષથી જઇ ફરીએ,
પતિ પ્રેમથી શીત;
[5]કેળવણીના કુંડમાં એમ ન્હાઇએ,
મળે સુંદર રીત. સુંદર. ૭
દુર્લભ શ્રાવક જન્મ આ વ્હેન મળિઓ.
પામ્યા [6]જિનવર ધર્મ;
સફળ કરો તે શ્રાવિકા શુભ રીતે,
કરો સુકૃત કર્મ. સુંદર. ૮

નવ તત્ત્વ વિષે.

"શંકર શારદાને પાય લાગુંરે—એ રાગ."

ધોળ.

આવો વ્હેનો વિદ્યારસ લહીએરે,

---

૧ ત્યાં બોધ પાઠરૂપી બોડસલીનાં ઝાડ છે, ૨ શીળરૂપી આસોપાલવની છાયા છે. ૩ મોક્ષ સુખને કરનારી ૪ જેની ઉપમા નથી એવી. ૫ ભક્તિરૂપી હવામાં. ૬ કેળવણીરૂપી કુંડમાં—હોજમાં

નવ તત્વની વાતો કહીએરે. ૧

પ્રાણુ [1]ધારે તે જીવ કહેવાયરે,
જ્ઞાન ચેતનથી ઓળખાયરે. ૨

જ્ઞાન ચેતન જેમાં ન જાણોરે,
તે અજીવ [2]જડેથી પ્રમાણોરે, ૩

શુભ કર્મથી પુન્ય જણાયરે
તેથી જીવને બહુ સુખ થાયરે. ૪

[3]કર્મ અશુભથી પાપની રીતિરે,
તેથી જીવને થાયે [4]ભીતિરે. ૫

જેમાં કર્મની આવક થાયરે,
તે તો આશ્રવ તત્વ ગણાયરે. ૬

કર્મ આવતાં જેથી રોકાયરે,
તત્વ સંવર તે ઓળખાયરે. ૭

ક્ષય કર્મનો [5]દેશથી જેમાંરે,
ગણે નિર્જર તત્વને તેમાંરે. ૮

કર્મ જુનાં નવાં જ્યાં મળેછેરે,

---

૧ જિનભગવંતે પ્રરૂપેલો ધર્મ. ૨ સારાં કામ. ૩ ધારણ કરે. ૪ જડ પદાર્થોથી. ૫ કર્મની અશુભ પ્રકૃતિથી.

બંધ તત્વ તે જીવ [1]કળેછેરે. ૯
સર્વ કર્મ તણો ક્ષય થાતાંરે,
મોક્ષ તત્વ એ અતિ સુખદાતારે. ૧૦
નવ તત્વની વાત આ ધારીરે,
ખ્હેનો [2]અંતર લેજો વિચારીરે. ૧૧

પુણ્યનો બંધ.

સીતાજીના મહિનાનો રાગ.

સહુ સાંભળો શ્રાવક બાળ, કહું વાત બોધની,
કયમ થાય છે પુણ્યનોં બંધ, કહો [3]મતિ શોધની. ૧
આપો ભોજન ભામિની નિત્ય, ભુખ્યાંને ભાવથી,
તરષ્યાંને કરાવો પાન, હૃદયના લ્હાવથી. ૨
આપો નિર્મળ મનથી નિવાસ, નોધારાને [5]ધામમાં,
નિરાધારને સુવા સેજ, રચાવો પ્રેમમાં. ૩
ઢાંકો અંગ ઉઘાડા [6]દીનનાં, દીલ દયા ધરી,
મનમાંહિ ધરો સુવિચાર, સદા શુભ આચરી. ૪

---

૧ ભય. ૨ દેશથી કર્મનો ક્ષય. ૩ અનુભવે છે. ૪ હૃદયમાં. ૫ શોધક બુદ્ધિ કરો. ૬ જળનું પાન.

ધરી પ્રેમ પ્રશંસા વાક્ય, [1]વદો જન સર્વને,
કરો કાયાથી સંતની સેવ, ધરો નહિં ગર્વને. ૫
કરી નમન વિનયથી આપ, સદા મન [2]રાચજો,
એથી પામશો પુણ્યના બંધ, વિગત આ વાંચજો. ૬

સમકિત રૂપ સાડી.

ગરબી.

પ્હેરને પ્હેરને પ્હેરનેરે,
બ્હેનિ સમક્તિ સાડી પ્હેરને. (એ ટેક.)
શુદ્ધ ગુરૂ શુદ્ધ દેવ [3]કશબની,
ભાતો ખીલી [4]ભાવ લ્હેરનીરે. બ્હેની. ૧
એ સાડી શોભા સાચી ધરે છે,
જુઠી સાડી વસ્ત્ર જવેરનીરે. બ્હેની. ૨
સમક્તિ સાડી [5]સુધા સરિખી,
નહિં થાય લાહ્ય [6]ભવ ઝેરનીરે. બ્હેની. ૩
ક્રિયા કનેરી તેને લગાડી,

---

૧ બોલજો. ૨ રાજી થજો. ૩ શુદ્ધ દેવ ગુરૂરૂપી કશબની ૪ ભાવરૂપ લ્હેરની. ૫ અમૃત. ૬ સંસારરૂપ ઝેરની બળતરા.

શોભા [1]જિનેશની મ્હેરનીરે. બ્હેની. ૪
સમક્તિ સાડી [2]શમતા ભરેલી,
શી કહું વાત એ લ્હેરનીરે. બ્હેની. ૫
સાડી તે સુંદર [3]શુભ ગતિ આપે,
ફરી આવે ન વાત [4]ભવ ફેરનીરે. બ્હેની. ૬
સમક્તિ સાડીનું મૂલ ન થાયે,
(તે) ધરો શ્રાવક બાળ લ્હેરનીરે. બ્હેની. ૭

સદ્ગુણી શ્રાવિકાને ધન્યવાદ.

ધન્ય વનરાવન, બંસીવટની છાયારે, જ્યાંરે હરિ બેસતા.
(એ રાગ.)

ધન્ય શ્રાવક બાળ.
જે શ્રાવક કુળ જન્મી સદ્ગુણ [5]ધારતી;
ધન્ય [6]વીરની બાળ,
વિદ્યા વિનય ધરીને જન્મ સુધારતી.
(એ ટેક.)

---

૧ જિન ભગવંતની કૃપારૂપ શોભા. ૨ શમતાથી ભરેલી. ૩ સારી. ગતિ. ૪ સંસારના ફેરાની. ૫ ધારણ કરતી. ૬ વીર પ્રભુની બાળ.

ધન્ય [૧]માનવ જન્મ વિવેક ભર્યો,
ધન્ય શ્રાવક કુળ અવતાર ધર્યો;
ધન્ય જિનવર ધર્મ [૨]હ્રદેજ કર્યો. ધન્ય. ૧

ધન્ય તે બાળા જે જ્ઞાન ધરે,
જે શીળ તણી રક્ષાજ કરે;
તે આ [૩]ભવસાગર પાર તરે. ધન્ય. ૨

ધન્ય કેળવણીરૂપ કલ્પલતા,
જે સેવે તે જનની [૪]મહતા;
મનવાંચ્છિત આપે ને [૫]શમતા. ધન્ય. ૩

ધન્ય જે નારી પતિભક્ત બને,
પતિ સેવે પ્રેમ ધરી [૬]સુમને;
તે પામે શિવસુખ [૭]જ્ઞાન ધને. ધન્ય. ૪

---

૧ મનુષ્ય જન્મ. ૨ હ્રદયમાં. ૩ આ સંસારરૂપી સમુદ્ર. ૪ મોટાઇ. ૫ શમતાને આપે. ૬ સારા—શુદ્ધ મનથી. ૭ જ્ઞાનરૂપ ધને.

ખંડ ૭ મો.

શ્રાવિકાની દિનચર્યા.

"જાણ્યું જાણ્યું હેત તમારૂં જાદવારે લોલ—એ રાગ.

આવો શ્રાવક બ્હેનો સાંભળોરે લોલ,
કરિએ સારી [1]દિનચર્યાની વાતજો;
નિયમ પ્રમાણે નિત્યે [2]સમય [3]પ્રસારિએરે લોલ,
થાયે તેથી લાભ ઘણો [4]વિખ્યાતજો આવો ૧
નિત્ય પ્રભાતે વ્હેલાં ઉઠો પ્રેમથીરે લોલ,
શુદ્ધ બની જિન ભક્તિ કરજો આપજો;
સામાયિક સાધનથી જ્ઞાન વધારજોરે લોલ.
[5]આવશ્યક આચરતાં હરજોરે પાપજો. આવો. ૨
દેવગુરૂ ને ધર્મતણી સેવા કરીરે લોલ,
સમક્તિ શોભા ધરજો નિર્મળ મનજો;
સમક્તિના શૃંગારે સુંદર શ્રાવિકારે લોલ,
શોભે સુંદર તેથી નિર્મળ [6]તનજો. આવો. ૩
[7]પ્રાસુક ભોજન લઇ વિદ્યા બળ સાધજોરે લોલ,

---

૧ દિવસનું નિત્ય કર્મ. ૨ વખત. ૩ નિર્ગમન કરીએ. ૪ પ્રખ્યાત. ૫ સામાયિક, પ્રતિક્રમણ વિગેરે આવશ્યકક્રિયા. ૬ શરીર. ૭ શુદ્ધ–નિર્દોષ.

વડિલતણાં [1]આદેશે કરજો કામજો;
ચોખ્ખાઈ ચતુરા નિત્યે ચિત્તથી રાખજોરે લોલ,
રાખી સુઘડતા કરજો ઘરનાં કામજો. આવો. ૪
રસવાળી [2]રસવતી રસેથી પકાવજોરે લોલ,
બહુ સંભાળી સાચવજો આચારજો;
પતિ વડિલને [3]પૂર્વ જમાડી પછી જમોરે લોલ.
[4]ગૃહિણીનો એ ધર્મ સર્વમાં સારજો. આવો. ૫
નવરાશે નવ નવલાં પુસ્તક વાંચજોરે લોલ,
હૃદય [5]શ્રાવિકા ભૂષણ ધરજો નિત્યજો;
[6]પ્રવેશપોથી પાઠ [7]પઠો પ્રેમે કરીરે લોલ,
બ્હેન રાખજો ગૃહ મર્યાદા રીતજો. આવો. ૬
સાયંકાળે જાવું સખીઓ સાથમાંરે લોલ
દર્શન કરવા જિનમંદિર સુખકારજો;
પ્રેમ ધરી પતિ સેવો [8]ગૃહ એકાંતમાંરે લોલ;
સુવું સૂજો સ્મરણ કરીને મન નવકારજો. આવો ૭

---

૧ આજ્ઞાએ. ૨ રસોઇ. ૩ પહેલા પતિ અને વડીલ જનને જમાડીને. ૪ સ્રીનો. ૫ શ્રાવિકા ભૂષણ પુસ્તક વાંચી હૃદયમાં ધારણ કરજો-બીજે પક્ષે હે શ્રાવિકા ? સૌભાગ્યનાં આભૂષણ-હાર વિગેરે હૃદય ઉપર ધારણ કરજો ૬ જૈન ધર્મ પ્રવેશપોથીના પાઠ. ૭ ભણો. ૮ ઘરના એકાંત ભાગમાં.

એ રીતે રમણી સૌ નિત્યે ચાલજોરે લોલ,
કદિ ન છોડો ધર્મ શ્રાવિકા બાળજો,
તેથી ભવસુખ પામી શિવસુખ સાધશોરે લોલ;
થાશે નિર્મળ શુદ્ધ [1]સતીવ્રત પાળજો. આવો. ૮

જિન દર્શનનો ઉત્સાહ.

"આનંદની લ્હેરી સખી મારે આનંદની લ્હેરી-એરાગ."

અધિક ઉમંગ વધ્યો.
સખી મારે અધિક ઉમંગ વધ્યો. એ ટેક,
પામી હું દર્શન શ્રી જિનવરનું.
મુજ [2]મન કામ સર્યો સખી. ૧
નિર્મળ [3]નયને નાથ નિરખતાં,
હૃદયે ભાવ ધર્યો. સખી. ૨
દેખી શ્રી પરમેશ્વર પ્રીતે
આનંદ [4]ઉરમાં ઠર્યો. સખી. ૩
ભાળીને ભગવંત [5]ભવોદધિ,
સ્હેજે સુખથી તર્યો. સખી. ૪

---

૧ સતીવ્રતને પાળનારી. ૨ મારા મનની કામના. ૩ નેત્રથી ૪ હૃદયમાં. ૫ સંસારરૂપ સાગર.

સાસરે જતી પુત્રીને માતાની શીખામણ.

રાસડો.

માતા કહે પુત્રીરે, શીખામણ સાંભળ મારી.
સાસરિઆમાં જાવુંરે. રહેવું કયમ ત્યાં [1]ગુણધારી. ૧
વિનય બ્હેન કરજેરે, વડિલનો વિવેક વિચારી,
સાસુને તું ગણજેરે, [2]મારી સમ સ્નેહને ધારી; ૨
પિતા સમ જાણીરે, શ્વસુરની સેવા કરજે,
નણંદને નિરખીરે, હૃદય માંહિ પ્રેમજ ધરજે. ૩
દેરાણી જેઠાણીરે, [3]ગણી બ્હેન સંપજ ધરજે,
સંબંધી સગાંમાંરે, હૃદયથી હેતજ કરજે. ૪
ધરી લાજ રહેજેરે, કુલીનનું બાળક તું છે,
શ્રાવક કુળ જાયારે, દયાની પાળક તું છે. ૫
પતિ પહેલાં જાગીરે, બધાં કામ ઘરનાંજ કરજે,
સુઘવઠતા રાખીરે, સદાચારને મન ધરજે. ૬
વચનથી તું પળજેરે, ખરી ટેક રાખીને રહેજે,
કપટ નવ ધરજેરે, સરળ થઇ સત્યને કહેજે. ૭

---

૧ સાસરીયામાં દેવા ગુણ ધરીને રહેવું. ૨ મારી સમ-એટલે માતાની સમાન સાસુને ગણજે. ૩ દેરાણી જેઠાણીને બ્હેન સમાન ગણી.

પતિપર પ્રેમેરે, રહી તેની સેવા કરજે,
સદા ભક્તિ ભાવેરે, આજ્ઞા એની [1]શિરપર ધરજે. ૮
કદિ હોય બ્હેનીરે, નઠારી ટેવ પતિની,
સહન તે કરજેરે, ખરી એ છે રીત સતીની. ૯
કદિ નવ કરવીરે, સાસરિઆની વાત ઉઘાડી,
ગંભીરતા રાખીરે રહેવું બ્હેન દાડી ને દાડી. ૧૦
નહિં [2]પરનરશુંરે, હસી બોલી વાતજ કરવી,
નહીં પરનિંદારે, કદિ બ્હેન કાનજ ધરવી. ૧૧
પુત્રી આ શીખામણુરે, હૃદયમાંહી પ્રેમથી ધરજે,
સુખી થઇ શાણીરે, શ્રાવકભવ લેખે કરજે. ૧૨

સદ્ગુણનો મહિમા.

સુરતા લાગી છે જેની, ભ્રમતા: ભાગી છે (એ રાગ.)

સદ્ગુણ ધારો બ્હેનો જન્મ સુધારો,
દુર્ગુણ દિલમાંથી દૂર વિદારો;
બ્હેનો સદ્ગુણ ધારો. (એ ટેક.)
સદ્ગુણની શોભા દેહ દીપાવે,

---

૧ મસ્તક ઉપર. ૨ પરનરશું—પારકા પુરૂષની સાથે.

સદ્દગુણુ ધારી [1]સતી સર્વને ભાવે, બ્હેનો. ૧
સદ્દગુણુ લોકમાંહિ લાજ વધારે,
ઉજ્વળ યશ જગમાંહિ [2]પ્રસારે. બ્હેનો. ૨
સદ્દગુણી નારી નિત્ય સન્માન પામે,
સુખ ધરીને દુઃખ દૂરથી [3]વામે, બ્હેનો. ૩
સદ્દગુણુ પ્રીતે શુભ કામ કરાવે,
સદ્દગુણુ લોક માંહે માન અપાવે. બ્હેનો. ૪
સદ્દગુણી નારી ધન્ય ધન્ય કહાવે.
સદ્દગુણુ ભવિજન ભાવની ભાવે, બ્હેનો. ૫

કન્યાને બોધ આપવા માતાને પ્રાર્થના.

બાલી ઓચરારે મુજને તારો—એ રાગ.

માતા શ્રાવિકારે.
આપો બાળાને બોધ. (એ ટેક.)
બોધ વિનાની બાળા રહેશે,
જાણે તે [4]હેવાન;

---

૧ સતી શ્રાવિકા ૨ ફેલાવે. ૩ ત્યજી દે. ૪ જાણે પશુ હોય તેવી રહેશે.

અજ્ઞાની અબળા તે થાશે,
જન્મ બધો હેરાન. માતા. ૧

બોધ વિના બાળાનો થાશે,
વિફળ બધો અવતાર;
લક્ષ્મીને વૈભવ સુખ સઘળાં,
બોધ વિનાજ અસાર. માતા. ૨

ધન્ય શ્રાવિકાજન્મ થયો આ,
સર્વ [1]આર્યમાં શ્રેષ્ઠ;
બોધ વિના આ ઉત્તમ ભવને,
કરો કેમ [2]અતિ નેષ્ટ. માતા. ૩

બોધ કરીને શ્રાવકબાળા,
કરે સફળ અવતાર;
જ્ઞાન તણી ગમ્મત લઈ પામે,
આ ભવસાગર પાર. માતા. ૪

---

૧ સર્વ આર્ય જાતિમાં ઉત્તમ. ૨ ઘણો નઠારો. ૩ આ સંસારરૂપ સમુદ્ર,

જિનેશ્વરના નામનો મહિમા.

ધન્ય વનરાવન, બંસીવટની છાયારે, જ્યાંરે હરિ બેસતા.

(એ રાહ.)

કરિ નિર્મળ મન,
શ્રી જિનેશ્વર નામ જપો રસનાથકી;
ધરી શ્રી જિન ધ્યાન,
આ શ્રાવક ભવ [1]સાર્થ કરો અતિ પ્રેમથકી.

(એ ટેક.)

એ નામ તણો મહિમા મોટો,
આ સર્વ પ્રપંચ બધો ખોટો;
તેથી થાય સકળ આ [2]ભવ છોટો. કરી. ૧
જિન નામ થકી થાય [3]શુદ્ધ મતિ,
નિત્ય નિત્ય વધે શુભ [4]ધર્મરતિ;
થાય અંત સમયમાં મોક્ષ ગતિ. કરી. ૨
જિન નામથી કૈંક ભવિક તર્યા,
શુભ ભાવ ધરી નિજ કર્મ [5]હર્યા;
શુભ મુક્તિનગરમાં [6]પાય ધર્યા. કરી. ૩

---

૧ સાર્થ—સફળ. ૨ સંસાર. ૩ શુદ્ધ બુદ્ધિ. ૪ ધર્મ ઉપર પ્રીતિ. ૫ પોતાના કર્મને દૂર કર્યા. ૬ પગ.

ધન્ય તાત [1]જનેતા તેહતણી,
તે સર્વ [2]સુજનમાં રત્નમણિ;
જેને પ્રીતિ શ્રી જિન નામ તણી. કરી. ૪
જિન નામ જપી ભવ પાર તરો,
પરમેષ્ટિ ભજનમાં ભક્તિ કરો;
[3]મન શ્રાવક બાળ એ સાર ધરો. કરી. ૫

કલ્યાણ.

ક્ષાન્તિ ધારજો ક્રોધ વારજો
ક્રોધનાં અભાવથીજ કર્મ હારજો;
રોષતણો સંસર્ગ કર્યાથી, વધશે દુઃખ અપાર
ધૈર્ય બુદ્ધિનો વિનાશ કરશે, એહ માંય નહિં સાર.
ક્ષાન્તિ. ૧
એહતણું વિસ્તાર પમાડે. કરે ધર્મનો નાશ,
દુર્ગતિ પતન કરાવે સહુને, સફળ ન થાએ આશ.
ક્ષાન્તિ. ૨
અનલોપમ એ રોષ પ્રમાણો, બાળે જગને એક,

---

૧ માતા. ૨ સારા લોકમાં. ૩ હે શ્રાવક બાળા! મનમાં એ સાર ધારણ કરો.

એહ ઉષ્ણુ અગ્નિથી સુજનો, દૂર રહો ધરી ટેક.
ક્ષાન્તિ. ૩

યમ સમ રોષી જનને દેખો, લોક કહે ફિટકાર,
એને વારી શ્રાવક જન સહુ, કરો જૈન જયકાર.
ક્ષાન્તિ. ૪

ક્ષત્રી કલંક.

કરો શીળતણી સહુ સેવ,
શીળથી સદા સુખ થાશેરે,
એથી દુઃખ જશે તત્ખેવ. શીળ.
શુભ શીળતણો શું પ્રભાવ. શીળ.
એ છે ભવનિધિ કેરો નાવ. શીળ.
ધરો મનવચકાયથી એહ. શીળ.
એથી પવિત્ર થશે શુભ દેહ. શીળ.
સહુ લોક કરે યશ વાદ. શીળ.
શીળથકી મટે સહુ ઉન્માદ. શીળ.
શીળ ધારો સદા ધરી શભ ભાવ. શીળ.
દુખ દારિદ્રથી કરશે બચાવ. શીળ.
શીળ મંત્રથીજ જગ છે આધીન. શીળ.

ચોથા વ્રત માંહે થાઓ સહુ લીન. શીળ.
શીળથકી મોક્ષનગર ન દૂર. શીળ.
એહ ગુણ ધારવાને થાઓ શૂર. શીળ.
શીળધારીતણી સેવા કરે દેવ. શીળ.
સહુ સંપદાઓ આવે સ્વયમેવ. શીળ.
શુભ શ્રાવકનું એજ વ્રત સાર. શીળ.
એથી સફળ થશે અવતાર. શીળ.
શુભ વીરનાં શાસનની આ વાર. શીળ.
સહુ મળી કરો જય જયકાર શીળ.

ધોળ.

રામ લક્ષ્મણ વનમાં સિધાવતાં—એ રાહ.

સુજ્ઞ શ્રાવકો સમકિત આદરો,
જેથી થાય મિથ્યા સહુ દૂર;
વધે બહુ નૂર, સદા સમકિત ધરો.
તજો દોષ સદા સમકિત તણા.
જે છે સમકિતના હરનાર;
તજો નર નાર. સદા.
મિથ્યા દોષથી જીવ સંસારમાં,

પામે જન્મ મરણના ત્રાસ; સદા.
જ્ઞાન મેળવી શ્રદ્ધા ધારજો,
એ શ્રાવક કુળનો આચાર,
સદા શુભ કાર. સદા.
મિથ્યા પાશમાં પતિત થવા થકી,
દુઃખ પામશો હરિણ સમાન;
ન રહે સુખ ધામ. સદા.

સીતાજીના મહિનાનો.

સહુ સજ્જન સુખકર એક સંતોષને ધારજો,
અન્ય વસ્તુતણો અભિલાષ હૃદયથી વારજો.
નિજ વસ્તુતણી શુભ શોધ હૃદયમાં સહુ કરો.
શુભ નર ભવ પામી બોધ સદા જન એ ધરો.
અન્ય વસ્તુથી તુષ્ટિ આ જીવને થાય નહીં કદા;
નિજગુણ ગણુથીજ સંતોષ મળે સુખ સર્વદા;
દુષ્ટ વાજિ સમાન દુઃખદ અભિલાષને મારજો
વિશ્વ અટવિ માંહિ દોરનાર સદા પરિહારજો.
તોષ ધારી જગતમાં આત્મિક સુખને ભોગવે,
સુખ સ્વર્ગતણું ત્રિદશેશ તેવું નહિ અનુભવે;

શુભ શ્રાવક થઈ પરિતોષ સુખદને આદરો,
શુભ વીરતણા સુખકાર શાસનની જય કરો.

રેલગાડીના સ્વરૂપમાં આત્મબોધ.

(જીવને શ્વાસતણી સગાઇ, ઘરમાં ઘડી ન રાખે ભાઇ. એ રાગ.)

મુરખો ગાડી દેખી મલકાવે,
ઉમ્મર તારી રેલ તણી પેરે જાવે. એ આંકણી.
સંસાર રૂપી ગાડી બનાવીને,
રાગ દ્વેષ હોય પાટા,
દેહ ડબ્બા ને પળ પળ પઇડાં,
એમ ફરે આયુના આંટારે. મુ. ૧
કર્મ અંજીનમાં કષાય અગ્નિ,
વિષ વારીમાં ભરીયું,
તૃષ્ણા ભુંગળું આગળ કર્યું,
તે ચાર ગતિમાં ફરીયું રે મુ. ૨
પ્રેમ રૂપી આંકડા વળગાડયા,
ડબ્બે ડબ્બા જોડયા ભાઈ,
પૂરવ ભવની ખરચી લઇને,

ચેતન બેસાડૂ બેઠો માંહિરે. મુ. ૩
કોઇએ ટીકીટ લીધી નર્ક તિર્યંચની,
કોઇએ લીધી મનુષ્ય દેવા,
કોઇએ ટીકીટ લીધી સિદ્ધ ગતિની.
પામવા અમૃત મેવારે. મુ. ૪
ઘડી ઘડી ઘડીઆળાં વાગે.
નિશ દિન એમ વહિ જાવે,
વાગે સીસોટી ને ઉપડે ગાડી
આડા અવળા મેલ આવેરે. મુ. ૫
આયુષ્ય રૂપી આવ્યું ઈસ્ટેશન.
હંસલો તે હાલુ હાલુ થાવે.
પાપે ભરી પાકીટ લઇ જાતાં,
કાળ કોટવાળ ત્યાં આવેરે. મુ. ૬
ઝાલી નરકમાં જમરાય પાસે.
જઇને સોંપ્યો તત્કાળે,
આરંભ કરીને આવ્યો પરૂણો,
કુંભી તે પાકમાં ઘાલેરે. મુ. ૭
લાખ ચોરાશી જીવાયોનીમાં,
જીવડો રૂલે વારંવાર,

સત ગુરૂ શિખે ધર્મ આરાધે,
તો પામે મુક્તિનું દ્વારરે. મુ. ૮
સને અઢારસે છાશીના વરષે,
આત્મ ધ્યાન લગાડી,
ગોપાળ ગુરૂના પુન્ય પસાયે,
મોહન ગાય ભાવે ગાડીરે. મુ. ૯

ધર્મનો પ્રભાવ.

"ક્ષમા ખડ્ગ ધરી હાથ, કરો વિજય ભાઇ—એ રાગ."

બનો સર્વ વીરપુત્ર વીર ધર્મધારી,
પ્રેમથી કરો પ્રભાવ ધર્મનો સુધારી.
બનો. એ ટેક.
ધર્મમાંહી ધીર બની, ધર્મવીર થાઓ,
ધર્મકીર્તિને પ્રસારી ધર્મગીત ગાઓ. બનો. ૧
ધર્મ કલ્પવૃક્ષરૂપ વિશ્વમાંહી જાણો,
વાંછિતો[૧] કરે સુપૂર્ણ[૨] સર્વ એ પ્રમાણો. બનો. ૨
ધર્મથી મળે સુવંશ[૩] ધર્મ જ્ઞાન આપે.
ધર્મથી અરોગ[૪] અંગ ધર્મ કષ્ટ કાપે. બનો. ૩

૧ ઇચ્છાઓ ૨ પૂર્ણ કરે. ૩ સારૂં કુળ. ૪ નિરોગી શરીર.

ધર્મનો સુરંગ[૫] અંગ જે ધરે ઉમંગે.
અનંત[૬] શર્મ સંગ તે ધરે સદા અભંગે[૭] બનો. ૪
ધર્મ તાત ધર્મ માત ધર્મ ગુરૂ સાચો,
ધર્મ વિના અન્ય બધો સ્નેહી વર્ગ કાચો. બનો. ૫
ધર્મથી અપાર જીવ સ્વર્ગમાંહીં જામ્યા,
ચક્ર[૮]ધર્મ ચક્રધારી થઇ શિવે[૯] વિરામ્યા. બનો. ૬

વિઘ્નવિનાશક રેંટીયો.

કવ્વાલી.

(જનની ભારત આજ હમકો મધુર બીના સુના રહી હય.)
સ્વીકારજો સહુ સ્નેહથી, દુઃખ સિંધુ તરવા રેંટીયો;
માતને મોહપાશમાંથી, મુક્ત કરવા રેંટીયો–સ્વીકારજો. ૧
પૂર્વજોની ઋદ્ધિ સિદ્ધિ, નિત્ય સ્મરવા રેંટીયો;
દેશની દારિદ્રયતાનું, દુઃખ હરવા રેંટીયો–સ્વીકારજો. ૨

---

૫ સુરંગ—સારો રંગ અથવા ઉત્તમ આનંદ. ૬ જેનો અંત–નાશ નથી, એવા સુખનો એટલે મોક્ષ સુખનો સંગ. ૭ જેનો કદિ ભંગ નથી તેવો. ૮ ચક્રવર્તી અને તીર્થંકરો. ૯ મોક્ષે ગયા.

દેશપર દિલમાં સદા, સદ્‌ભાવ ભરવા રેંટીયો;
કાલનાં વિકાલ સુખમાંથી, ઉદ્ધરવા રેંટીયો-સ્વીકારજો. ૩
ભૂખને દુઃખના દિનોમાં, ધૈર્ય ધરવા રેંટીયો;
શોકને સંતાપ સમયે, રંગે ફરવા રેંટીયો-સ્વીકારજો. ૪
સ્વતંત્રતાની વાડીમાં, સુખથી વિચરવા રેંટીયો;
સ્વરાજ્યનીસુખસંપદાને, સહેજેવરવારેંટીયો સ્વીકારજો ૫

લેખકઃ-શા. શિવજી દેવસિંહ.

સ્વરાજ્યસાધક રેંટીયો.

(વાલા વેગે આવોરે) એ દેશી.

કરો રેંટીયાનો પ્રચારોરે, પૂર્વજ ગુણ સંભારોરે
સમજુ સજ્જનો સ્નેહથી હોજી.
પરાધિનતા તે વિણ કદિ નવ જાય-કરો.

સાખીઓ.

ગરીબ અને શ્રીમંતની, નાની મોટી નાર;
નિજઘેર રાખી રેંટીયો, કાંતે આણી પ્યાર;
ગુલામી જાશે દેશની, સ્વરાજ્યમાં નવ વાર,
વચન વિવેકે વિચારોરે.......................સમજુ. ૧

દેશોદયને કારણે, સ્વદેશી વૃત્ત લઈ આજ;
સત્પુત્રો થઇ હિન્દનાં, દેખાડો કંઇ દાઝ;
પરદેશી પહેરવેશથી, નથી થતી કંઈ લાજ;
વર્તન સઘ સુધારોરે........................સમજુ ૨

કેવળ વાણી વિલાસમાં, દેશનું દુઃખ નવ જાય;
બરફી પેંડા નામથી, લેશ ન પેટ ભરાય;
ક્ષુધાતુર નર યત્નથી, ખાયે તોજ ધરાય;
વ્યર્થ કરો ન લવારોરે....................સમજુ ૩

ગાંધીજીનાં બોધથી, ખાદીપર ધરો પ્રેમ;
આબાદી એથી ગણી, લહો સ્વદેશી નેમ;
દેશ દાઝથી દીનપર, આણો અંતર પ્રેમ;
વણુકર વર્ગ ઉદ્ધારોરે........................સમજુ ૪

શા. શિવજી દેવસિંહ.

સર્વાર્થસાધક રેંટીયો.

(વ્હાલા વેગે આવો રે, એ રાહ.)

ધીરો ધીરો ચાલે રે. વ્હાલો મને લાગેરે,
રૂડો મારો રેંટીયોજી. ધીરો૦
એ રેંટીયાથી સ્વાશ્રયનો પળે મંત્ર,
એ રેંટીયાથી સ્હેલું બને ગૃહ તંત્ર!
સ્હેલોને વળી સોંઘોરે, નથી એ કંઇ મોંઘોરે,
રૂડો મારો રેંટીયોજી. ૧

(સાખી) રામ નામની સાધના સાથે સાથે થાય;
સુખેને સંતોષથી ઋષિ જીવન ગળાય.
હળવો ને બહુ સાદો રે, મોહને ફરી લાધ્યોરે;
રૂડો મ્હારો રેંટીયોજી. ૨

(સાખી) એક દિવસ અહિંઆ હતાં, પુરાં એનાં માન;
વિસરાતાં આ હાલતે આવ્યો હિંદુસ્થાન.
એથી તો સહુ ચાહેરે. પ્રીતેથી સહુ સાહેરે,
રૂડો મ્હારો રેંટીયોજી. ૩

(સાખી) નિર્ધનીયા આ દેશનો કરવા પુનરૂદ્ધાર,
જાગ્યો જ્યાં જ્યાં રેંટીયો ઉજળાવ્યાં ઘરબાર.
દુ:ખો એ બધાં ચૂરેરે, આશાઓ બધી પૂરેરે;
ફુડો મ્હારો રેંટીયોજી.

(સાખી) જાગેલા આ દેશનું એ છે પ્રગતિ દ્વાર,
એનાથી સહુ સાધના મોહન કહે સધાય;
અર્જુનના બાણુ જેવોરે, સાધક વીર કેવો રે.
ફુડો મ્હારો રેંટીયોજી. ૫

અરવિંદ.

રેંટીયો

ભજન.

સ્વતંત્રતાની સિદ્ધિ રે, સ્વદેશ કેરી રિદ્ધિ રે;
વ્હાલો મ્હારો રેંટીયો હોજી.
જેના ગુંજનમાં રામ કેરા નામઃ
જીવન કેરી શક્તિ રે, જન્મભૂમિની ભક્તિ રે.
એ તો એકજ રેંટીયો હોજી.

સાખી.

શ્રદ્ધાને એકાગ્રતા, સંયમશક્તિ વિશેષ;
ધૈર્ય, ચિવટ ને શાન્તિના, આપે જે ગુણ બેશ.
જડને ચેતન કરતો રે:
વ્હાલો મ્હારો રેંટીયો હોજી-સ્વતંત્રતાની૦

સાખી.

પરદેશી પરતંત્રતા, તોડે પળની માંહ્ય;
દે આર્થિક સ્વતંત્રતા; શીળી સુખની છાંય.
નિર્ધનીયાંનો બેલી રે:
એ તો એકજ રેંટીયો હોજી—સ્વતંત્રતાની૦

સાખી.

સુતર કેરે તાંતણે, સહજે મળે સ્વરાજ;
જેના બળથી હિંદનાં, સુધરે સઘળાં કાજ.
રૂપાળો રઢીયાળો રે:
વ્હાલો મારો રેંટીયો હોજી-સ્વતંત્રતાની૦

સાખી.

સુદર્શન ચક્કર સમું, સર્વ શક્તિનું પુર;
જેમાં ગૂઢ રીતે ભર્યું, સો સુરજનું નૂર.
એવો પ્રૌઢ પ્રતાપી રેઃ
વ્હાલો મ્હારો રેંટીયો હોજી—સ્વતંત્રતાની૦

સાખી.

ઓજન કેરા શિયળની, રક્ષાનો કરનાર;
યોદ્ધાને અવકાશમાં, છે શાન્તિ દેનાર.
એવો અમાપ ગુણિયલ રેઃ
એતો એકજ રેંટીયો હોજી.
સ્વતંત્રતાની સિદ્ધિ રે, સ્વદેશ કેરી રિદ્ધિ રે;
વ્હાલો મારો રેંટીયો હોજી.

સીતારામ જે. શર્મા.

પ્રભુજી વીર એવા દો!

ગજલ.

હમારૂં રાષ્ટ્ર ઉદ્ધારે, હમારી કોમ સુધારે;
હમારા દેશને તારે, પ્રભુજી વીર એવા દો.
ક્રિયાને જ્ઞાન ગંભીરા, અવેચક યોગમાં શુરા,
કર્મ યોગે પૂરેપુરા, પ્રભુજી વીર એવા દો.
મૃદુદિલ પુષ્પ કોમળ શો, પ્રતિજ્ઞા વજ્રસમ જેની;
વીરસમ શુદ્ધ ચારિત્રે, પ્રભુજી વીર એવા દો.
સભાઓ સિંહ સમ ગજવે, સુસદી માતના લજવે;
રહેણી કરણીય એકજ છે, પ્રભુજી વીર એવા દો.
વસુથી જે ન વેચાતા, ન સર પદવી થકી થાતા;
ન માખણુદાસ કહેવાતા, પ્રભુજી વીર એવા દો.
આત્મશ્રદ્ધા ભર્યો ત્યાગી પ્રખર વીરદેશ અભીમાની,
સમયને સત્યના જ્ઞાની પ્રભુજી વીર એવા દો.
સદા સેવા તણા રસીયા, ફેશનમાં કદી ફસીયા;
પ્રભુ ખુદ જે હૃદય વસીઆ, પ્રભુજી વીર એવા દો.
ન્યાય સ્વાતંત્ર્ય દેવીના, લૂવે વીર નેત્ર જે ભીનાં;

મોહથી જે જાગે નાના પ્રભુજી વીર એવા દો.
પીડાતા દેશ બંધુના, ન વારે દુઃખ સિંધુને;
દીએ સ્વાતંત્ર્ય સિંધુને, પ્રભુજી વીર એવા દો.
લઢે જે દેશને કાજે, મરે સ્વાતંત્ર્યને કાજે;
શૂરા જે સિંહ સમ ગાજે, પ્રભુજી વીર એવા દો.
કલમથી લક્ષ્મીથી તનથી, મથે ઉદ્ધારવા મનથી;
સંપની સાંધવા ગ્રંથી પ્રભુજી વીર એવા દો.
સ્વદેશી ભક્ત ગંભીરા, અસહકારે બની પુરા;
થઇ સત્યાગ્રહી પુરા, પ્રભુજી વીર એવા દો.
ધરી કર રેંટીયો કાંતે, જળાવે પોઝીશન ખાંતે;
ગુલામી ત્યાગે નિરાંતે, પ્રભુજી વીર એવા દો,
પ્રલોભનને હઠાવીને, સ્વરાજ્યજ મેળવે સાચું;
મણિમય હે પ્રભુ યાચુ, અમોને વીર એવા દો.

પાદરાકર.

રેંટીયાનું ગીત

લેખક: શ્રીયુત ચાંપશી વિઠ્ઠલદાસ ઉદ્દેશી.

(આશાભર્યો તે અમે ઉતર્યા.........એ રાગ)

હૈયે ચઢયો રે! મારો રેંટીયો!,
એનો હૈયે ચઢયો સન્દેશ રે!
રેંટીયો હૈયે ચઢયો રે !

જૂની જૂની તે સ્મૃતિ જાગતાં
એને સંભારે આખો ય દેશ રે!
રેંટીયો હૈયે ચઢયો રે!

હિત ને અહિત આજ જાણીયું.
જાણ્યું પરનું ને પોતાનું આજ રે!
રેંટયો હૈયે ચઢયો રે!

ઉડયું રે! મોહ કેરે સોણલું:
ત્યારે જોયું આ રેટીયાનું રાજ રે!
રેંટીયો હૈયે ચઢયો રે!

લાગે છે પંખા સુહામણા,
એની લાગે છે ત્રાક તો મધુર રે!
રેંટીયો હૈયે ચઢયો રે!

સાદાઈ શીખવે હેતથી
એના સુતરનું નવલું નૂર રે!
રેંટીયો હૈયે ચઢયો રે!

તારે તારે એના નીકળે
દેશચઢચીનો મીઠો અવાજ રે!
રેંટીયો હૈયે ચઢયો રે!

છાનો પડયો'તો એક ખુણલે,
એને લાવ્યા ગાંધી મહારાજ રે!
રેંટીયો હૈયે ચઢયો રે!

આવો—વધાવો એને પ્રેમથી,
એને સત્કારે દેશનું હિત રે!
રેંટીયો હૈયે ચઢયો રે

પોતાનું પોતે લ્યો ઓળખી,
કરો પામવા એ યત્ન ધરી ચિત્ત રે!
રેંટીયો હૈયે ચઢયો રે!

રેંટીયાનું રટન

અથવા

પત્નિનો પતિને પત્ર

કવ્વાલી.

જીવનમાં આ મઝા સ્વામી, નદીઠી સ્વપ્નમાં ક્યારે;
સુતરને તાંતણે ચિતડું, ચોંટયું છે નાથ અત્યારે ૧

દિવસને રાત આનંદમાં, વિતે છે કાંતતાં પ્યારા;
નકામી નારીઓ સંગે, ગુમાવું ના દિનો મારા. ૨

નથી ગમતી નિંદા કોની, નથી ભમતી ગૃહે પરનાં
પ્રભુ ગાને મગન રહેતી, કાંતીને આંગણે ઘરનાં ૩

સુંદર ચરખો નિહાળીને, સખીઓ અંતરે હરખે;
શીખે છે કાંતતાં સ્નેહે, પરસ્પરનું સુતર નિરખે. ૪

સુદર્શન ચક્રની પૂજા, પ્રભુ સમજી કરૂં પ્રિતે;
મોહન નાં ગાનમાં ઘેલી, થઇ ગોપી રટું નિત્યે ૫

ગુરૂ ગાંધીજીને કહેજો, ગમે છે અંતરે ચરખો;

વિલોકી ખાદીની સાડી, ભારત ભક્તિ નયણે નિરખો. ૬
પરાયા દેશનાં વસ્ત્રો, બાળીને મસ્ત છું મનમાં;
ઝેર સમ અંતરે સમજું, ન જોશો કોઈ હિ તનમાં. ૭
ત્રુટયાં તારો ગુલામીનાં, સુદર્શન ચક્રનાં તારે
સ્વદેશી મંત્રને જપતાં, સુખે સ્વરાજય છે મારે. ૮

શિવજી દેવસિંહ.

સુદર્શન ચક્ર કર ધરવા પતિનું પતિ પ્રત્યે નિવેદન.

કવાલી.

પ્રિયા મમ પ્રેમની પ્રતિમા, ચાહું છું એટલું આજે
સુદર્શન ચક્ર કર ધારી, કાંતતું દેશની દાઝે;—૧
માગું પરદેશનાં કપડાં, હોળીમાં બાળવા સ્નેહે;
ભારતનું નુર દાખવવા, કદિ નવ ધારજે દેહે—૨
ખાદીની સાડી ને ચોળી, પેરીને પ્રેમથી નિત્યે;
રહેજે મસ્ત અંતરમાં, સ્વદેશી વૃત્ત લઈ પ્રિતે—૩

ભક્તિ રંગે રંગાઈને, કરીલે દેશની સેવા;
પ્રભુ પોતે પધાર્યા છે, સ્વદેશીમાં સ્વર્ગ દેવા ૪
નથી કો દેશમાં એવો, ગુલામીમાં જે સુખ માને;
પરાયા મેલને મહી, ઝેલ સમ અંતરે જાણે—૫
મુકે જો મોહ મહીલાઓ, વિદેશી વસ્ત્રનો તનથી
મળે તો મુક્તિ માતાને, કરે કુરબાની જો મનથી ૬
જમાડયા ભોજનો ભાવે, નથી ભૂલ્યો હું જીવનમાં;
કાંતીને ખાદીનાં વસ્ત્રો સજાવીદે હવે તનમાં—૭
સુંદર ચરખો ધરી કરમાં, શોભાવી લે આ નર તનને;
સુતરને તાંતણે સહેજે, મોહીલે, ગાંધીનાં મનને. ૮

શિવજી દેવસિંહ.

એનાં હૈયાં હેમનાં છે, એની આંખોમાં અમૃત છે,
એની વાણીમાં વ્હાલ છે. એને સમૃદ્ધિનો ગર્વ નથી,
વૈભવમાં વિલાસ નથી, અને સુખમાં સ્વછંદ નથી.
એ યોગ માર્ગની અમૃત સિદ્ધિ. સ્નેહ ધર્મની શીતલ છાંયડી,
અને ગૃહ કૂંજની કોયલડી, યાત્રિઓમાં, અતિથીઓમાં,
કૃષિકરોમાં, ગ્રામ્યજનોમાં, વિદ્વાનોમાં, વ્હાલાંઓમાં,
મધૂરૂં ટહુકે છે, અમરવેલ સમી વૃદ્ધિ પામે છે.
संतुष्टो भार्या या भर्ता भर्ता भार्या तथैवच ।
એ સુત્રને એ બ્હેને, ગૃહ જીવનમાં ગૂંથ્યું છે,
હિન્દુઓનાં ગૃહ જીવનનો, અનૂપમ આદર્શ,
વિસરી ગએલા હિન્દુઓને, એ બ્હેને બતાવ્યો છે.
આર્ય રમણીની રસિકતા, વિશુદ્ધ સહચાર,
સ્નેહમય દામ્પત્ય એ બ્હેને
પ્રત્યક્ષ કરાવ્યું છે. પંચવટીની સીતાસમી.
યજમાન ગૃહણી, સગાલશાહની પત્નિ સમી,
દેશની ચીરઃ યાત્રિકા, ગૃહસ્થીઓનાં રસ આંગણે.
સ્નેહ ધર્મનાં રમ્ય પથિકાશ્રમે, એ અમૃત રસ છાંટશે,
કાયાનાં મોહ ભૂલાવશે, વ્હાલ વધારશે,
અંતરનાં મ્હેલ અજવાળશે-, અને જગતમાં
સ્વર્ગ ઉતરાવશે, અમારી એજ અનૂપમ—
આશા વલ્લરી, ઓ બ્હેનાં
ઓ રમા! ઓ સુલક્ષણા!
તુંથી; ત્હારા ધન્ય જીવનથી, પવિત્ર આશ્રમથી,
ઉદાત સહ જીવનથી, ઉજ્વલ જીવન પ્રભાથી,

વૃદ્ધિ પામશે, ફ્લ ફુલવતી થશે,
અને નવ પલ્લવે પલ્લવિત થશે.
બ્હેની! ત્હેં ગોપિસમી, ગૃહજીવનમાં,
ગૌ સેવા સ્વીકારી છે. રણઘેલી રજપુતાણી સમી,
ગૃહકાર્યમાં સતત્ ગૂંથાયેલી છે. બ્હેની! અતિથી દેવો ભવ,
ગુરૂદેવો ભવ, પતિ દેવો ભવ.
એ શ્રુતિ આજ્ઞાનુ તેં ફ્લ વાસમાં
સપ્તપદીના મંત્ર વડે, વિધીવત્ અનુષ્ઠાન કર્યું છે.
એ પુણ્ય ત્રિપુટીને, ત્હેં દેવ માની પુજી છે.
સ્વ. ગોવર્દ્ધનરામે આલેખેલી, પુત્રી લીલાવતી બ્હેન પ્રતિની
ભાવના રૂપે "સ્વગોત્રમાં યજમાન ધારિણી"
ત્હારાં ચરિત્રથી પુનઃ મૂર્તિવન્ત થઇ છે.
સરસ્વમીચન્દ્રની ગુણસુંદરી, ત્હારાં જીવનથી
સાશ્વત્ થઇ છે. બ્હેની! તું પુર્વમાં પુન્ય પાથરી,
જગતપર અવતરી છે, તને સરસ્વતી પ્રસન્ન છે,
લક્ષ્મીજીનાં આસન છે, સંસાર સ્વર્ગ સમો છે,
અને ગૃહ વૈકુંઠ સમું છે. ત્હારૂં જીવન જન્ય,
સર્વથા ધન્ય છે. પરમ કૃતાર્થ છે,
અને સહસ્ત્રશઃ અભિનંદનીય છે.
બ્હેની! **शान्ति रस्तु! तुष्टि रस्तु! पुष्टि रस्तु!**
એ દિવ્ય રૂચાઓ, ત્હારા પ્રસન્ન મુખમાં
સદા સર્વદા–પ્રાણીમાત્ર પ્રતિ સ્ફુરે છે.

રસકુંજ: **નલિનીકાન્ત.**

(ભાવસાર શુભેચ્છક પુસ્તક ત્રીજું અંક છઠો.)

THIS TITLE PRINTED AT KRISHNA PTG. PRESS, BOMBAY 2